# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika




વર્ષ : ૦૧    ૨૦૨૫ : જૂન

અંક : ૦૬



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## પ્રમુખશ્રીનું નિવેદન

સુજ્ઞ જ્ઞાતિજનો,

જય ભારત સાથે જણાવવાનું કે, શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, જ્ઞાતિ સમાજના ઉત્કર્ષ માટેની અનેક વિધ પ્રવૃતિઓ કરી રહી છે. ઉત્તરોત્તર વિશિષ્ટ સહાયમાં વધારો થતો રહ્યો છે. પરંતુ કોરોના કાળ બાદ જ્ઞાતિ સમાજની અનેકવિધ પ્રવૃતિઓમાં દિવસે દિવસે ઘટાડો થતો હોય એવું દેખાઈ રહ્યું છે. ગામે ગામના મંડળો દ્વારા પ્રવૃતિઓ કરવા માટેના પ્રયત્નો કરવામાં આવતા હોય છે. પરંતુ ઘણી વખત નિરાશા પણ પ્રાપ્ત થતી હોય છે. યુવાનોને આપણે આમાં જોડી શકતા નથી તે આપણા સૌની મજબૂરી છે તે હું સમજું છું. પ્રચાર અને પ્રસારના માધ્યમો જેવા કે વ્હોટસ એપ ગ્રુપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા માધ્યમોથી વધુ સંકળાયેલા હોવાથી દિવસે દિવસે પત્રિકાની પણ મહત્વતા ઘટતી ગઈ છે. સમય બદલાતા પત્રિકાની પણ સાઈઝ ઘટતી ગઈ (પાનાની) આવા સંજોગમાં છેલ્લા દોઢ-બે વર્ષથી આપણે પત્રિકા પણ વ્હોટસ એપ અને ફેસબુક માધ્યમથી મુકવાના પ્રયત્નો કર્યા છે. આમ છતાં પત્રિકાના પેજ થતાં નથી. ખૂબ જ ચર્ચાને અંતે પત્રિકાના વધુ દળદાર અને સમાજ ઉપયોગી બનાવવા માટે એક એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, સારા લેખો અથવા સમાજને ઉપયોગી માહિતી પત્રિકાના માધ્યમથી જ્ઞાતિજનો સુધી પહોંચડાવાનો પ્રયત્ન થાય આવા સંજોગોમાં આપ સૌને નમ્ર વિનંતી કરવાની કે આપણી જાણમાં સમાજ ઉપયોગી કોઈપણ લેખ કે માહિતી સારી લાગી તો, સંસ્થાના મોબાઈલ નંબર ૭૫૭૩૯૭૮૪૭૭ વ્હોટસ એપ પર પહોંચાડવા માટે યોગ્ય કરશો. આપની માહિતી છાપવી ના છાપવી તેના અબાધિત અધિકાર સંસ્થા પાસે છે. જેની નોંધ લેશો અને આ ભગીરથ કાર્યમાં સહકાર આપવા યોગ્ય કરશો. જેથી પત્રિકા દ્વારા આપણે સરસ અભિગમ ઉભો કરી પત્રિકાને દળદાર બનાવી શકીએ.

**કિરીટકુમાર દવે**

**પ્રમુખશ્રી**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

---

**ચાલો... ચાલો... ચાલો... અંબાજી.... અંબાજી....અંબાજી....**

**૩૬મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૮-૧૨-૨૦૨૫ને રવિવાર**

અગાઉ આપને જણાવ્યા મુજબ આગામી ૩૬મું રાષ્ટ્રીય અધિવેશન તા.૨૮-૧૨-૨૦૨૫ને રવિવારને રોજ અંબાજી મુકામે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. જેની અધિવેશન યોજવાનું સ્થળ તથા અન્ય વ્યવસ્થાઓ પૂર્ણ થયેલ છે. ગામે ગામથી જ્ઞાતિજનોનો સહકાર પણ સારો મળી રહ્યો છે. અમદાવાદ, નડિયાદ, વસો, મહેમદાવાદ, આણંદ, વિદ્યાનગર અંદાજિત ૬૦૦ ડેલીગેટ્સને અંબાજી પહોંચવા માટે બસ દ્વારા અંબાજી લઈ જવાનું ગામે ગામના મંડળો દ્વારા આયોજન થઈ રહેલ છે.

સામાન્યતઃ આપણે બસમાં પણ અંબાજી જઈએ તો વ્યક્તિદીઠ ઓછામાં ઓછો રૂ. ૧૦૦૦/- ખર્ચ આવતો હોય છે. આવા સંજોગોમાં નજીવી રકમ ભરીને એક પંથ ત્રણ કાજ થઈ રહ્યા છે. ક્ષીરજામ્બા માતા (ખેડબ્રહ્મા), અંબાજી માતાજીના મંદિરના દર્શન તથા અધિવેશનનો જ્ઞાતિ ગંગાનો ત્રિવેદી સંગમ યોજાઈ રહ્યો છે ત્યારે આપશ્રી ચોક્કસ આ ભગીરથ કાર્યમાં પ્રત્યક્ષ જોડાશો એવી અપેક્ષા અસ્થાને ના ગણાય. સાથે સાથે સવારના નાસ્તાથી લઈને સાંજના ભોજન સુધીનું પણ આયોજન કરવામાં આવેલ છે જ.

આણંદ, વિદ્યાનગર અને નડિયાદ દ્વારા માત્ર રૂ. ૧૦૦/-માં જ આ યાત્રા થશે તેવું આયોજન જે-તે જ્ઞાતિ મંડળો દ્વારા કરવામાં આવેલ છે. આજ રીતે અમદાવાદ સ્થિત શ્રી શૈલેષભાઈ જોષી દ્વારા પણ અમદાવાદમાં વસતા કોઈપણ જ્ઞાતિજનને અંબાજી લઈ જવાનું આયોજન કરવામાં આવેલ છે. હાલ જે લોકો આ પાસ લે તેઓએ રૂ. ૬૦૦/- ભરવાના રહેશે. અંબાજી પહોંચેથી રૂ. ૧૦૦/- પાસના બાદ કરી રૂ. ૫૦૦/- પરત આપવામાં આવશે. જેથી વધુમાં વધુ જ્ઞાતિજનો આ ભગીરથ કાર્યમાં જોડાઈ શકે. આ આયોજન માત્ર બાજખેડાવાળ જ્ઞાતિજનોને ભગીરથ કાર્યમાં જોડાવા માટે જ છે આ અંગે બસનો જે કંઈ ખર્ચ આવશે તેની વ્યવસ્થા શૈલેષભાઈ જોષી દ્વારા કરવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે આ પાસ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાની ઓફિસેથી ૧૦.૩૦ થી ૧.૦૦ અને ૨.૦૦ થી ૫.૩૦ સુધીમાં મેળવી શકો છે. સંખ્યા પૂર્ણ થયે આ વ્યવસ્થા બંધ થશે જેની નોંધ લેશો. અન્ય બીજા ગામના મંડળો પણ આ તરફ વિચારી રહ્યા છે. સમગ્ર બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ અંબાજી મુકામે એકસાથે ભેગો થાય તેવો આ પ્રથમ પ્રયત્ન હશે. તો ચાલો આપ સૌ આપની પાસ મેળવી વહેલા તે પહેલાના ધોરણે આપની નિયત સીટ બુક કરાવી આ ભગીરથ કાર્યમાં જોડાઈ જશો.

**કિરીટકુમાર દવે** — **પ્રમુખશ્રી**

**સમીરભાઈ દવે** — **મંત્રીશ્રી**

**તથા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ – નડીયાદ

બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડિયાદ
(મો.) ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજની જનરલ મિટીંગ તારીખ ૩૧–૫–૨૫ શનિવારના રોજ રાખેલ હતી. તેમા કારોબારી તથા નવા સભ્ય થયેલ છે. ચાલીસથી પણ વધુ બહેનો મીટીંગમાં હાજર હતી. નવા પ્રમુખની વરણી થઈ હતી. મંત્રીશ્રી નિકીતાબેન દવેએ સૌને આવકારી વર્ષ દરમ્યાન થતા પ્રોગ્રામની જાણકારી આપી વર્ષ દરમ્યાન આવક–જાવકનો હિસાબ જે ખજાનચી શ્રી કોમલબેન દવે એ વાંચી સંભળાવ્યો.

પૂર્વ પ્રમુખ શ્રી ભાવનાબેન શુકલ એ સર્વને આવકારી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. અલ્પાહાર કરીને છૂટા પડ્યા.

પ્રમુખ – અંજનાબેન દવે, ઉપપ્રમુખ – નિકિતાબેન દવે, મંત્રી – કોમલ દવે, ખજાનચી – પારૂલબેન દવે, સહ ખજાનચી – રાજુલાબેન ભટ્ટ

**અંજનાબેન દવે** — **કોમલ દવે**
**પ્રમુખ** — **મંત્રી**

**સર્વે કારોબારી બહેનો – બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ–૨૮
(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**ડૉ. ચંદ્રપ્રસાદ ત્રિવેદી પુસ્તક વિતરણ યોજના :–**
**કેળવણી વિષયક શૈક્ષણિક ઈનામ વિતરણ :–**

ઉપરોક્ત યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૧૨ની અભ્યાસ કરતી અને પાસ થયેલ દીકરીઓને સરકાર માન્ય પુસ્તકોની કિંમત જેટલી રોકડ રકમ આપવામાં આવે છે. આ માટે દરેક વિદ્યાર્થીની દીકરીઓએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ કોપી પાછળ પોતાનું નામ–સરનામું–ધોરણ–મોબાઈલ નંબર લખીને તા. ૨૬–૦૯–૨૦૨૫ના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦માં શ્રી બેલાબેન દેસાઈના નિવાસસ્થાને આવીને ઝેરોક્ષ કોપી રજુ કરીને. પોતાને મળતા લાભની રકમ મેળવી લેવી. આ જ મુજબ ધોરણ ૧૦, ૧૧, ૧૨, તથા કોલેજના દરેક ક્ષેત્રમાં અભ્યાસ કરતી તથા પાસ થયેલ વિદ્યાર્થીની દીકરીઓએ પોતાના ઈનામની રકમ મેળવી લેવી.

**ડાન્સ કોમ્પીટીશન**

તા. ૧–૬–૨૦૨૫ના રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મુક્તજીવન ઓડીટોરીયમ ખાતે શ્રી બાજખેડવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ જ ડાન્સ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલું. આ સ્પર્ધામાં કુલ ૬૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લઈને પોતાનું ડાન્સનું અદ્‌ભૂત ટેલેન્ટ બતાવેલ. જેમાં ૩.૫ વર્ષની ઉંમરથી લઈને ૬૩ વર્ષ સુધીના બાળકો, યુવક, યુવતીઓ તથા મહિલાઓએ ભાગ લીધો હતો. ઉંમર મુજબ કુલ ૮ ગ્રુપ પાડવામાં આવેલ અને ૯મું ગ્રુપ ગ્રુપ ડાન્સનું હતું. સૌએ ખૂબ જ અદ્‌ભૂત ડાન્સ રજૂ કરી સૌના મન મોહી લીધા હતા.

જજશ્રી મજમુદાર બહેન દ્વારા બિલકુલ તટસ્થ ભાવે નિર્ણય લેવામાં આવ્યા હતા. જેને સૌએ હર્ષભેર તથા ખેલદીલીપૂર્વક વધાવી લીધા હતા. આ સ્પર્ધામાં નડીયાદ, ઉમરેઠ, ડાકોર, વિદ્યાનગર તથા વડોદરાથી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સંસ્થા દ્વારા ખૂબ જ સુંદર જમણ હતું. ઉમરેઠથી શ્રી વિજયભાઈ ભટ્ટ, શ્રી અમુલભાઈ ભટ્ટ, શ્રી રોહીતભાઈ ઠાકર ઉપરાંત જ્ઞાતિના મંડળોના પ્રતિનિધીએ અત્રે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. લગભગ ૪૦૦ થી ૪૧૫ જેટલા જ્ઞાતિજનોએ આ પ્રોગ્રામમાં હાજરી આપી કાર્યક્રમને ઝળહળતી સફળતા અપાવી હતી. તમામ જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર. સમગ્ર કાર્યક્રમનું ખૂબ જ સુંદર એન્કરીંગ કરીને શ્રી હિમાંશુભાઈ ભટ્ટે સર્વે સ્પર્ધકો તથા ઓડીયન્સને અદ્‌ભૂત રીતે જકડી રાખીને કાર્યક્રમને અદ્‌ભૂત સફળતા અપાવી હતી. તેઓનો ખૂબ ખૂબ આભાર. કાર્યક્મ માટે ડોનેશન આપનાર સર્વે દાતાશ્રીઓનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. બહારગામથી અત્રે ભાગ લેવા આવનાર સર્વે સ્પર્ધકોનો ખૂભ ખૂબ આભાર. આ કાર્યક્રમના દાતાશ્રીની યાદી નીચે મુજબ છે.

(૧) શ્રી નયનાબેન પી. દવે રૂ. ૨૦૦૦/– (૨) શ્રી ભદ્રાબેન સુનીલભાઈ દવે રૂ. ૫૦૦૦/– (૩) શ્રી દર્શનાબેન અશોકભાઈ ભટ્ટ રૂ. ૫૦૦૦/– (૪) શ્રી પલ્લવીબેન શાંતીલાલ જોષી શ્રી સ્વ. હસુમતીબેન જોષીના સ્મરણાર્થે રૂ. ૧૫૦૦૦/– (૫) શ્રી કલ્પનાબેન ભૂપેન્દ્રભાઈ ખંભોળજા રૂ. ૫૦૦૦/– (૬) શ્રી પ્રફુલાબેન રજનીકાંતભાઈ રૂ. ૫૦૦૦/– (૭) શ્રી સંજયભાઈ એસ. ભટ્ટ રૂ. ૫૦૦૦/– (૮) શ્રી બેલાબેન દેસાઈ રૂ. ૨૧૦૦/– (૯) શ્રી શૈલજાબેન હીમાંશુભાઈ ભટ્ટ રૂ. ૨૦૦૧/– (૧૦) શ્રી લીનાબેન એન. દણાક રૂ. ૧૦૦૦/– (૧૧) શ્રી ડૉ. પૂનમબેન જીજ્ઞેશ પંડ્યા રૂ. ૧૧૦૦૦/– (૧૨) શ્રી આનલ દવે રૂ. ૭૦૧/– (૧૩) શ્રી મોક્ષા દેસાઈ રૂ. ૫૦૦/– (૧૪) શ્રી અર્ચનાબેન રીતેશ ઠાકર રૂ. ૧૧૦૦/– (૧૫) શ્રી દીપીકાબેન પંડ્યા રૂ. ૧૦૦૦/– (૧૬) શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ–નડીયાદ રૂ. ૫૦૧/– (૧૭) શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ–અમદાવાદ રૂ. ૫૦૦/– (૧૮) શ્રી હિરલબેન નિમીષભાઈ દવે રૂ. ૧૦૦૦/– (૧૯) શ્રી મીનલબેન નિરજનભાઈ પંડ્યા રૂ. ૧૦૦૦/– (૨૦) શ્રી અવનીબેન રૂપેશભાઈ ભટ્ટ રૂ. ૫૦૦/– (૨૧) શ્રી બાજખેડાાળ બ્રાહ્મણ સમાજ – અમદાવાદ રૂ. ૧૦૦૦/– (૨૨) ચિ. રીયાંશ દવે રૂ. ૧૦૦૦/– (૨૩) શ્રી તરલભાઈ ભટ્ટ રૂ. ૫૦૦/– (૨૪) શ્રી બાજખેડાવાળ મહિલા પાંખ – વિદ્યાનગર રૂ. ૫૦૦/– (૨૫) શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ રૂ. ૧૦૦૦/– (૨૬) શ્રી પ્રગતિ યુવક મંડળ રૂ. ૫૦૧/– (૨૭) શ્રી હીરલ રિત્પન ભટ્ટ રૂ. ૫૦૧/– (૨૮) શ્રી કુમુદબેન ડી. દવે રૂ. ૫૦૧/– (૨૯) શ્રી દીનાબેન આર. ત્રિવેદી, શ્રી દર્શનાબેન ભટ્ટ (વટ સાવિત્રી નિમિત્તે) રૂ. ૫૦૦/– (૩૦) શ્રી ઉન્નતીબેન સેજલબેન શેલત, રેણુકાબેન (વટ સાવિત્રી નિમિત્તે) રૂ. ૫૫૧/– (૩૧) શ્રી સ્મીતાબેન ઠાકર (વટ સાવિત્રી નિમિત્તે) રૂ. ૫૦૦/– (૩૨) શ્રી નીતાબેન દવે (વટ સાવિત્રી નિમિત્તે) રૂ. ૫૦૦/– (૩૩) શ્રી સ્વ. શર્મીષ્ઠાબેન દુષ્યંતભાઈ દવે (વટ સાવિત્રી નિમિત્તે) રૂ. ૫૦૦/– (૩૪) શ્રી ઉષાબેન પંડ્યા (વટ સાવિત્રી નિમિત્તે) રૂ. ૫૦૦/– (૩૫) શ્રી ચંદ્રીકાબેન દવે હસ્તે ઉલ્કાબેન દવે (ડાન્સ નિમિત્તે) રૂ. ૧૫૦૦/–(૩૬) શ્રી પૂનમબેન પંડ્યા (ડાન્સ નિમિત્તે) રૂ. ૧૦૦૦/–

**દર્શનાબેન ભટ્ટ** — **પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **મંત્રીશ્રી**

## શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ - ભરૂચ

(મો.) ૮૧૬૦૭૩૬૪૫૨, ૯૮૯૮૮૫૯૫૯૬

**સુધારા સહ જણાવવાનું કે અગાઉ પત્રિકામાં**

માન શ્રી સુધીરભાઈ ચીમનલાલ ભટ્ટ તરફથી મોજે કાવિઠા તા. જી. ભરૂચની જમીન શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ ભરૂચને દાનમાં આપેલ છે. જે ૪ વિઘા ૧ ગુઠા (૮૧૦૦૦ ચો. ફૂટ) છે. જ્યાં ૮૧૦૦૦ ચો. ફૂટની જગ્યાએ ૧૧૦૦૦ ચો. ફૂટ ભુલથી છપાયું હતું તે સુધારા સહ વાંચવું.

શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ રાહતદરે ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં સ્વ. દર્શનાબેન પંકજભાઈ દવેની પુણ્યતિથિ નિમિત્તે કંદર્પ પંકજભાઈ દવે તરફથી છેલ્લા ત્રણ વર્ષથી રૂ. ૧૧,૧૧૧/-નું દાન જ્ઞાતિને ચોપડા વિતરણ નિમિત્તે આપવામાં આવે છે તેનો સર્વે જ્ઞાતિજન ખૂબ ખૂબ આભાર માને છે.

આ ચોપડા વિતરણ વાડીમાં તા. ૧-૬-૨૫ અને ૨-૬-૨૫ના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકના સમયમાં કરવામાં આવેલું હતું. જેમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર લાભ મેળવ્યો હતો.

**રાકેશભાઈ દણાંક**
**માનદ્ મંત્રી**

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ - અમદાવાદ

**શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજીત પંચકુંડી હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ**

પવિત્ર શ્રાવણ માસમાં ૧૦૦૦ વર્ષ પૌરાણિક મહાદેવના મંદિરમાં યોજનાર પંચકુંડી હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞમાં નામ નોંધાવી દેવાધિદેવ મહાદેવના આશિર્વાદ મેળવવાનો અમૂલ્ય લાભ લો.

શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજીત પંચકુંડી હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ તારીખ ૦૩-૦૮-૨૦૨૫, રવિવાર શ્રાવણ સુદ - ૦૯ હ સમય સવારે ૮-૦૦ કલાકે શરૂઆત શ્રીફળ હોમવાનો સમય : સાંજે ૫-૦૦ કલાકે, મહાપ્રસાદ : સાંજે ૬-૦૦ થી ૮-૦૦ કલાકે સ્થળ : સોમનાથ મહાદેવ, ગ્યાસપુર, પીરાણા રોડ, શાહવાડી, અમદાવાદ.

રુદ્રકુંડ મુખ્ય યજમાન રૂ. ૨૧,૦૦૦/- (૦૧ યજમાન) (નક્કી થઈ ગયેલ છે.) રુદ્રકુંડ સહ યજમાન રૂ. ૫૦૦૦/- (૦૪ યજમાન) (નક્કી થઈ ગયેલ છે.), નંદીકુંડ મુખ્ય યજમાન રૂ. ૧૧૦૦૦/- (૦૬ યજમાન)(નક્કી થઈ ગયેલ છે.), નંદીકુંડ સહ યજમાન રૂ. ૩૫૦૦/- (૧૬ યજમાન બાકી છે) (આપ આ લેખ વાંચો ત્યા સુધીમાં બીજા યજમાન પણ નોંધાયેલ હશે)

આ અમૂલ્ય અવસરમાં વહેલા તે પહેલાનાં ધોરણે નામ નોંધાવવા વિનંતી. યજમાનને વધારાના ફરાળના પાસ રૂ. ૫૦/- અને ભોજન પાસના રૂ. ૧૦૦/- ચુકવવાના રહેશે.

જે તા. ૨૦–૦૭–૨૦૨૫ પહેલા પાસ લઈ લેવાના રહેશે. જે જ્ઞાતિજનો લઘુરૂદ્રના મહાપ્રસાદમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓને નીચેના ચાર સ્થળેથી પાસ મેળવી શકાશે

(૧) શ્રી પ્રાણશંકરભાઈ હોલ – ફોન ૨૫૪૩૨૦૪૦, (૨) શ્રી સ્નેહલભાઈ ભટ્ટ – (મો.) ૯૮૨૪૦૭૭૮૮૧ (૩) શ્રી કિરીટભાઈ દવે – (મો.) ૯૮૭૯૭૫૨૮૦૫, (૪) શ્રી ભાવેશ પંડયા – (મો.) ૯૯૭૪૧૨૭૮૧૦

દાનની અપીલ : લઘુરુદ્રમાં નીચેની સેવાઓ માટે આપશ્રી યથાશક્તિ દાન આપી / અપાવી પવિત્ર શ્રાવણ માસમાં દાનગંગા વહાવીને દેવાધિદેવ મહાદેવશ્રીની કૃપા મેળવવા આપનો સહયોગ આપશો.

| | | | |
|---|---|---|---|
| ૩૫,૦૦૦/– | બ્રહ્મભોજનની સેવા | ૨૫,૦૦૦/– | મહાપ્રસાદની સેવા |
| ૨૧,૦૦૦/– | ફરાળ બ્રાહ્મણો માટે | ૧૫,૦૦૦/– | બ્રાહ્મણોને દક્ષિણા |
| ૧૫,૦૦૦/– | યજ્ઞશાળાના ભાડાની સેવા | ૧૧,૦૦૦/– | મહાપ્રસાદ સ્થળના ભાડાની સેવા |
| ૧૧,૦૦૦/– | હોમ માટેના તલ | ૧૧,૦૦૦/– | યજ્ઞ સામગ્રી |
| ૧૧,૦૦૦/– | પૂજાની સામગ્રી | ૮,૦૦૦/– | યજ્ઞમાં હોમવાનું ગાયનું શુદ્ધ ઘી |
| ૭,૦૦૦/– | યજમાનના પિતાંબર | ૫,૦૦૦/– | સ્થાપનની અન્ય સામગ્રી |
| ૫,૧૦૦/– | માઈકની સેવા | ૫,૧૦૦/– | અન્ય ડેકોરેશનની સેવા |
| ૫,૦૦૦/– | મિનરલ વોટર | ૫,૦૦૦/– | ચ્હા–કોફી |
| ૩,૫૦૦/– | ફૂલહાર–સામગ્રી | ૩,૫૦૦/– | યજ્ઞ હોમ માટે કાષ્ટ |
| ૩,૦૦૦/– | પુજા–હોમ માટેના ફળફળાદિ | ૨,૧૦૦/– | યજ્ઞ માટે શ્રીફળ |
| ૧,૫૦૦/– | હોમ માટેના ભાત અને સ્થાપન ચોખા | | |
| ૧,૧૧૧/– | મનોકામના પૂર્તિ આહુતિ | | |

ખાસ નોંધ – આ પંચકૂડી યજ્ઞમાં આપશ્રી આપના સ્વજનોની શુભકામના અર્થ એટલે કે અભ્યાસ માટે, વિદેશ યોગ માટે, લગ્ન યોગ માટે જેવી અનેક મંગલકારી કાર્ય માટે મનોકામના પૂર્તિ આહુતિ રૂ. ૧૧૧૧/– આપી નામ નોંધાવી શકો છો.

| | | | |
|---|---|---|---|
| **સ્નેહલભાઈ ભટ્ટ** | **તરલભાઈ ભટ્ટ** | **નિલેશભાઈ ઠાકર** | **કિરીટભાઈ દવે** |
| **પ્રમુખ** | **મંત્રી** | **કન્વીનર** | **સહ–કન્વીનર** |
| (મો.) ૯૮૨૪૦૭૭૮૮૧ | (મો.) ૭૦૪૬૦૨૩૯૨૨ | (મો.) ૯૩૨૭૦૨૧૭૭૨ | (મો.) ૯૮૭૯૭૫૨૮૦૫ |

સમગ્ર ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સલાહકારશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, શ્રી પ્રાણશંકરભાઈ હોલ અમદાવાદ દ્વારા તા. ૧૫–૦૬–૨૫ના રોજ જ્ઞાતિ સંમેલન યોજાઈ ગયું જેમાં ખીચોખીચ ભરેલ હોલમાં આ સંમેલનના ઉદ્‌ઘાટક શ્રી જયશ્રીબેને દીપ પ્રાગટ્ય કરી સંમેલની શરૂઆત કરાવી હતી. તે પહેલા અમદાવાદમાં થયેલા પ્લેનક્રેશમાં મૃત્યુ પામેલા નાગરિકોને શ્રદ્ધાંજલી અર્પવામાં આવી હતી. આ સંમેલનના મુખ્ય મહેમાનશ્રી અજીતભાઈ ભીખુભાઈ દવે અને વિશિષ્ટ અતિથિશ્રી તેમજ સંસ્થાના

ટ્રસ્ટી અને મણીનગર વિધાનસભાના ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં આ જ્ઞાતિ સંમેલન યોજાઈ ગયું. આ સંમેલનમાં અન્ય દસ અતિથીશ્રીઓએ ઉપસ્થિત રહી જ્ઞાતિ સંમેલનને સફળ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

ઉપરોક્ત જ્ઞાતિ સંમેલનમાં જ્ઞાતિને અને સંસ્થાને લગતી માહિતી આપવામાં આવી હતી આ સંમેલનનું મુખ્ય આકર્ષણ અને વક્તા, લેખક, સાહિત્યકાર એવા કાજલબેન ખૂબ જ સુંદર અને ધ્યાનાકર્ષક સંબોધન કરી સમાજને જરૂરી બાબતો જણાવી હતી. સમાજમાં પ્રશ્નોને પૂર્ણ કરવાની માહિતી આપી હતી. શ્રી અજીતભાઈ દવે અને શ્રી અમુલભાઈ ભટ્ટે સમાજ ઉપયોગી માહિતી પ્રદાન કરી સૌનું ધ્યાન ખેંચ્યુ હતું તેમજ અતિથિ  વિશેષ ત રીકે પધારેલ શ્રી નિમિષાબેન પરેશ દવેએ પણ સમાજને જરૂરી માહિતી આપતું ઉદ્‌બોધન કર્યું હતું.

આમ સમાજની સેવામાં અવિરત રચ્યા પચ્યા રહેનાર અને ૩૫ થી ૪૦ વર્ષ સુધીની સમાજને સેવા આપનારા મહાનુભાવો શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા અને શ્રી દિલીપભાઈ પંડ્યાને “જ્ઞાતિરત્ન” તરીકે તેઓનું સન્માન શાલ ઓઢાડી, મોમેન્ટો અર્પણ કરી અને સમ્માનપત્ર અર્પણ કરી તેઓને સમ્માનીત કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદની સ્થાપક ટીમના સ્થાપક સભ્ય સ્વ. શ્રી ઉર્મિલાબેન નીરંજન પંડ્યાનું પણ “જ્ઞાતિરત્ન” તરીકે મરણોત્તર સમ્માન કરવામાં આવ્યું હતું. તમામ અતિથિ વિશેષશ્રીઓ, દાતાશ્રીઓ તેમજ શુભેચ્છક દાતાઓનું પણ સાલ ઓઢાડી, બુકેથી અને મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું હતું.

બપોરના ભોજન બાદ મિમીક્રી આર્ટીસ્ટ અને જાદુગર દ્વારા ખીચોખીચ ભરેલ હોલમાં સૌને હાસ્યમાં તરબોળ કરી દીધા હતા અને બાળકોને જાદુના ખેલ જોવાની પણ મઝા માણી હતી. જાદુગાર અને મિમિક્રી આર્ટીસ્ટનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જ્ઞાતિજનો તરફથી ડાન્સ , સંગીત સંધ્યાના ભાગરૂપે ગીતો ગાનાર જ્ઞાતિજનો કે જેઓ ખૂબ સુંદર ગીતો ગાઈ શકે છે. તેવા જ્ઞાતિજનોએ સાંજના સાત વાગ્યા સુધી હોલમાં તમામ જ્ઞાતિજનોને જકડી રાખ્યા હતા. આ સાથે હાઉસીની રમત પણ રમાડવામાં આવી હતી. જેમાં ૬૫૦ જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો. હાઉસીની રમતમાં અંતે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજનું હળવું ભોજન કરાવી સૌ જ્ઞાતિજનોએ એક દિવસો ભવ્ય આનંદ માણ્યો હતો. આ પ્રસંગે જુદા જુદા ડોનેશનો મળ્યા હતા.

**અન્નપૂર્ણા સહાય યોજના**

રૂ. ૩૦૦૦૦/– શ્રી રીનાબેન હરીવદનભાઈ દવે, રૂ. ૫૦૦૦૦/– શ્રી ભુપેન્દ્રભાઈ મણીલાલ ખંભોળજા

**વિધવા, ત્યક્તા – વિધુર સહાય ફંડ યોજના**

રૂ. ૨૦૦૦/– શ્રી પ્રશાંતભાઈ જે. પંડ્યા

**એજ્યુકેશન સહાય યોજના**

રૂ. ૧૧૦૦૦/- સ્વ. ભાનુપ્રસાદભાઈના સ્મરણાર્થે હસ્તે શ્રી સરોજબેન ભાનુપ્રસાદ જોષી, રૂ. ૫૦૦૦૦/- શ્રી ભુપેન્દ્રભાઈ મણીલાલ ખંભોળજા, રૂ. ૫૫૦૦/- શ્રી અશોકભાઈ શીવપ્રસાદ ભટ્ટ

**જ્ઞાતિ સંમેલન ભેટ**


(૧) રૂ. ૫૧૦૦૦/- શ્રી ડૉ. રમેશભાઈ એમ. દવે, (૨) રૂ. ૫૦૦૦/- શ્રી નિમીષાબેન પરેશભાઈ દવે, (૩) રૂ. ૨૫૦૦૦/- ગંગા સ્વ. શ્રી સરોજબેન બી. દવે હસ્તે શ્રી વૈશાલીબેન સમીરભાઈ દવે, (૪) રૂ. ૫૦૦૧/- શ્રી રચનાબેન પ્રશાંતભાઈ દેસાઈ, (૫) રૂ. ૫૦૦૦/- શ્રી હરીવદનભાઈ જેન્તીલાલ દવે, (૬) રૂ. ૧૧૦૦૦/- શ્રી હિતેષભાઈ પાઠક, (૭) રૂ. ૫૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ એન. પંડ્યા, (૮) રૂ. ૫૦૦૦/- શ્રી અમુલભાઈ બી. ભટ્ટ, (૯) રૂ. ૭૦૦૦/- શ્રી જગદીશભાઈ એમ. ભટ્ટ, (૧૦) રૂ. ૫૦૦૦/- શ્રી મંથનભાઈ દવે, (૧૧) રૂ. ૫૦૦૦/- શ્રી નિહારભાઈ પંડ્યા, (૧૨) રૂ. ૫૦૦૦/- શ્રી અશ્વિનભાઈ શુકલ, (૧૩) રૂ. ૩૦૦૦/- શ્રી મિલનભાઈ બી. શુકલ, (૧૪) રૂ. ૫૦૦૦/- શ્રી અખિલભાઈ પંડ્યા, (૧૫) રૂ. ૫૦૦૦/- શ્રી પરેશભાઈ ભટ્ટ, (૧૬) રૂ. ૨૧૦૦/- શ્રી હિતેષભાઈ ભટ્ટ, (૧૭) રૂ. ૩૧૦૦૦/- શ્રી શૈલેષભાઈ જોષી, (૧૮) રૂ. ૫૦૦૦/- શ્રી ભરતભાઈ કરૂણાશંકર દવે, (૧૯) રૂ. ૫૦૦૦/- શ્રી પ્રિતીબેન જોષી, (૨૦) રૂ. ૫૦૦૦/- શ્રી છાયાબેન આશિકભાઈ મહેતા, (૨૧) રૂ. ૫૦૦૦/- શ્રી શીલાબેન ઘનશ્યામભાઈ પંડ્યા, (૨૨) રૂ. ૧૧૦૦૦/- શ્રી સ્નેહલભાઈ દવે (ગુરૂદેવ), (૨૩) રૂ. ૧૧૦૦૦/- શ્રી મુકેશભાઈ ભટ્ટ (૨૪) રૂ. ૨૫૦૦૦/- શ્રી અજીતભાઈ ભીખુભાઈ દવે (૨૫) રૂ. ૫૦૦૦/- શ્રી જૈવિક ઉદયભાઈ ભટ્ટ (૨૬) રૂ. ૫૦૦૦/- શ્રી દિનાબેન રાજેશકુમાર ત્રિવેદી (૨૭) રૂ. ૧૧૦૦૦/- શ્રી ભૂપેન્દ્રભાઈ મણીલાલ ખંભોળજા, (૨૮) રૂ. ૧૧૦૦૦/- શ્રી નિમીષાબેન પરેશકુમાર દવે (૨૯) રૂ. ૧૦૦૦૦/- શ્રી ડૉ. ઋતુ સ્મિતભાઈ ત્રિવેદી હસ્તે શ્રી નિમીષાબેન પરેશકુમાર દવે (૩૦) રૂ. ૫૧૧૧/- શ્રી સંજયભાઈ ટી. શેલત (૩૧) રૂ. ૨૫૦૦/- શ્રી દિપીકાબેન દિલીપભાઈ પંડ્યા (૩૨) રૂ. ૫૦૦/- શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, (૩૩) રૂ. ૨૫૦૧/- શ્રી દિલીપભાઈ અચરતલાલ પંડ્યા (૩૪) રૂ. ૧૧૦૦/- શ્રી અશ્વિનકુમાર શંકરલાલ દવે, (૩૫) રૂ. ૧૦૦૦/- શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ (૩૬) રૂ. ૧૦૦૦/- શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ (૩૭) શ્રી પ્રિતીબેન રાકેશ(તરલ)ભાઈ ભટ્ટ (ફુલહાર-બુકે) (૩૮) શ્રી મુકેશભાઈ ભટ્ટ (શાલ ભેટ)

**કમલેશ જે. ભટ્ટ** — **પ્રમુખ**

**ઉદયભાઈ એચ. ભટ્ટ / ગીનીબેન એમ. પંડ્યા** — **મંત્રી**


| | | |
|---|---|---|
| Name | : | Ku. Risha Rajesh Pandya |
| Height | : | 5’-4’’ |
| Weight | : | 48 Kg. |
| Birth Date | : | 27-03-1997 |
| Birth Time | : | 04.55 p.m. |
| Birth Place | : | Jamshedpur |
| Education | : | B.Arch, Studying M.Sc.-Urban Design in Germany |
| Profession | : | - |
| Monthly Income | : | - |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Rita Pandya |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried |
| Maternal Place | : | Jayesh P. Shelat, Ahmedabad<br>Shital P. Shelat, Vadodara |
| Father | : | Rajesh Manaharlal Pandya |
| Address | : | 1042, Amarnath, Vijaya Hertitage,<br>P.O. Kadma, Jamshedpur-831005 |
| Phone No. | : | 9771433532 (Father) |
| Mobile No. | : | 8789104385 (Mother) |
| E-mail | : | pandyaw2k@gmail.com |
| Choice | : | Well Educated |
| Note | : | Planning to settle in Germany or Europ after study |

| | | |
|---|---|---|
| Gotra | : | Bharadwaj |
| Nakshatra | : | Vishakha (1) |
| Rashi | : | Tula |
| Nadi | : | Antya |
| Gan | : | Rakshas |
| Varna | : | Shudra |
| Yoni | : | Vyagrah |
| Varg | : | Sarp |




| | |
|---|---|
| Name | : Chi. Abhishek DIpak Shelat |
| Height | : 5’-10’’ |
| Weight | : 58 Kg. |
| Birth Date | : 09-07-1996 |
| Birth Time | : 09.20 p.m. |
| Birth Place | : Umreth |
| Education | : Bachelor in Computer Application |
| Profession | : Business (New Manufacturing Unit) |
| Monthly Income | : Rs. 50000/- |
| Native Place | : Umreth |
| Mother Name | : Amisha Dipak Shelat |
| Borther/Sisters | : 2-Sister-Married |
| Maternal Place | : Late. Jayaben Manharlal Thakar Davejini Pole, Umreth |
| Father | : Dipak Jayantilal Shelat |
| Address | : Pat Street, Near Bhatt Pipli, Umreth, Ta. Umreth, Dist.Anand |
| Phone No. | : 9601287210 (Mother) |
| Mobile No. | : 9824477210 (Father) |
| E-mail | : abhi.shelat9796@gmail.com |
| Choice | : Good looking, Graduate |
| Note | : - |

| | |
|---|---|
| Gotra | : Upamunasya |
| Nakshatra | : Bharani |
| Rashi | : Mesh |
| Nadi | : Madhya |
| Gan | : Manushya |
| Varna | : Shaktriya |
| Yoni | : Gaj |
| Varg | : Mrug |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Canon Nikunjkumar Dave |
| Height | : | 5’-5’’ |
| Weight | : | 71 Kg. |
| Birth Date | : | 15-03-2000 |
| Birth Time | : | 11.15 a.m. |
| Birth Place | : | Ahmedabad |
| Education | : | B.Tech in Mechanical (Charusat)<br>Further Education Plan - Pursuing M.Tech |
| Profession | : | Job in Tata Motors |
| Monthly Income | : | Rs. 41000/- |
| Native Place | : | Vaso (Nadiad) |
| Mother Name | : | Leena Nikunjkumar Dave |
| Borther/Sisters | : | No |
| Maternal Place | : | - |
| Father | : | Nikunjkumar H. Dave |
| Address | : | C-102, Kameshwar Annexe,<br>Motera Stadium Road, Ahmedabad |
| Phone No. | : | +91-9427757612 (Fahter) |
| Mobile No. | : | +91-915722239 (Mother) |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | - |
| Note | : | - |
| Gotra | : | Samanas |
| Nakshatra | : | Punarvyas-2 |
| Rashi | : | Gemini |
| Nadi | : | Adhya |
| Gan | : | Dev |
| Varna | : | Shudra |
| Yoni | : | Marjar |
| Varg | : | - |



## "શર્ટ"

દરરોજની માફક આજે પણ એ જ ટાઈમ હતો. દરરોજ ઓફિસેથી લગભગ સાડા સાત આઠ દરમિયાન ત્યાંથી પસાર થવાનું બનતું.

બરાબર આ સમયે કેટલાક શ્રમજીવીના બાળકો રસ્તા માં આવતા એક નાના એવા પ્લોટ માં રમતાં.

ત્યાં એક મોટી ઈમારત બંધાતી હતી.

ત્યાં કામ કરતા શ્રમજીવીના બાળકો નિયમિત રીતે ગાડી ગાડી રમતાં. પહેલો છોકરો એન્જિન બનતો.

તેનું શર્ટ પકડીને બાકીનાં બધાં ગાડીના ડબ્બા બનતાં અને ગાડી ગાડી રમતાં. ગાડી ચાલી છૂક.. છૂક.. છૂક...!

મારો એ રોજનો રસ્તો. હું જોતો કે એન્જિન અને ડબ્બા બદલાતાં રહેતાં. દરેકને એન્જિન થવું ગમે.

પરંતુ એક નાનો છોકરો જે કાયમ ગાર્ડ નો છેલ્લો ડબ્બો જ બનતો. એક નાની ટૂંકી ચડ્ડી ને હાથમાં લીલો કકડો. ઉઘાડું શરીરને મસ્તીથી છૂક..છૂક... ગાડી રમતો.

આજુબાજુ રેતી, કપચી, ઇંટો પડેલી હતી છતાં બાળકો માર્ગ કાઢીને રમત રમી લેતાં હતાં.

મેં કૂતૂહલવશ એ છોકરાને પૂછ્યું : બેટા તારે એન્જિન નથી બનવું ? બધા છોકરાઓ વારાફરતી એન્જિન બનતા હતા.

છોકરાએ ખૂબજ સરળતાથી જવાબ આપ્યો : ના.

'કેમ ?' મેં પૂછ્યું.

હું જો એન્જિન બનું તો બાકીના બધા મારી પાછળ મારું શર્ટ પકડીને ગાડીના ડબ્બા બને. પણ મારી પાસે શર્ટ નથી ને છોકરાના ચહેરા પર ભોળપણ તરવરતું હતું.

આ સાંભળીને હું સ્તબ્ધ !

હું ફાટી આંખે છોકરાને જોઈ રહ્યો. છોકરો પુનઃ પોતાની મસ્તીમાં રમવા લાગ્યો. ગાડી ચાલી છૂક..છૂક..છૂક...!

"મારી પાસે શર્ટ નથી ને" આ ખૂબ જ સરળતાથી બોલાયેલું વાક્ય જીવનની હતાશા ખંખેરી નાખે છે.

છોકરો આટલું કહીને ફરી ગાડી ગાડી રમવા જતો રહ્યો. તેના મોં પર આનંદ હતો.

આપણે એ ફરિયાદ કરવાથી ફુરસદ નથી મેળવી શકતા કે "મારી પાસે ગાડી નથી, બંગલો નથી, જમીન નથી, પૈસા નથી વગેરે. "

પોતાના વાલીને "મારે શર્ટ જોઈએ છે."

મારે એન્જિન બનવું છે. શર્ટ શર્ટ પહેર્યા વગર હું એન્જિન કેવી રીતે બની શકું ? મારે અત્યારે જ શર્ટ જોઈએ નહીં તો હું જમીશ નહી ".

આવી સામાન્ય ફરિયાદ કરવાને બદલે છોકરાએ વિકલ્પ શોધીને આનંદ લેવાનું ચાલુ રાખ્યું. ગાર્ડનો છેલ્લો ડબ્બો બનીને છેલ્લા રહેવાનું પસંદ કર્યું અને રમતનો આનંદ લીધો.

રમતનો આનંદ મહત્વનો છે, તમે છેલ્લા છો કે પહેલા એ મહત્વનું નથી. ગાડીમાં બેઠા છો એ મહત્વનું છે. જીવનમાં બધાને બધી વસ્તુઓ મળે એ શક્ય જ નથી.

જે છે તેનાથી જીવનને સુંદર અને મજાનું કેવી રીતે બનાવી શકાય તેવી સમજણ કેળવવી એ જ જીવન જીવવાની કળા છે.

એક વસ્રહીન છોકરો મને જીવન જીવવાની રીત શિખવાડી ગયો.

---

## રશિયાના પ્રમુખ મિખાઈલ ગોર્બોચોવે પોતાની આત્મકથામાં લખ્યું છે.

જુવાનીના દિવસોમાં હું યુરોપમાં ભણતો હતો ત્યારે મારી સાથે બે જાપાની વિદ્યાર્થી હતા.

બીજા વિશ્વયુદ્ધ પછી જાપાન સંપૂર્ણ રીતે બરબાદ થઈ ગયું હતું અને એના અર્થતંત્ર સામે અનેક અડચણો આવી હતી. વર્ગ દરમિયાન આ જાપાની વિદ્યાર્થીઓએ નોંધ લખવા માટે વારા બાંધ્યા હતા. એક જણ લખે ત્યારે બીજો પેન્સિલની અણી કાઢતો. એ દિવસોમાં જાપાની પેન્સિલની ગુણવત્તા સાવ હલકી હતી અને પેન્સિલની અણી ઝડપથી તૂટી જતી હતી.

બીજા વિદ્યાર્થીઓ આ જાપાની વિદ્યાર્થીઓને સલાહ આપતા કહે, તમે ઇંગ્લેન્ડમાં બનેલી ઉત્તમ ગુણવત્તા વાળી પેન્સિલ કેમ નથી વાપરતા? ...તે મોંઘી પણ નથી!

આ સાંભળીને બન્ને વિદ્યાર્થીઓની આંખમાં આંસુ આવી ગયાં અને તેમણે ઉત્તર આપ્યો કે જો અમે જ અમારા દેશમાં બનતી વસ્તુ નહિ વાપરીએ તો કોણ વાપરશે ? આજે ભલે ગુણવત્તા કસોટીમાં અમે નાપાસ થયા છીએ, પણ એક દિવસ એવો અવશ્ય આવશે કે જ્યારે આખું વિશ્વ જાપાની પેન્સિલ વાપરશે. આપણે ભારતીયોએ પણ આ વિષયમાં વિચારવાનો અને તે પ્રમાણે આગ્રહપૂર્વક વર્તવાનો સમય આવી ગયો છે.

ભારતીય બનો, ભારતીય ખરીદો.

---

## નિર્જલા એકાદશી નું માહાત્મ્ય ??

યુધિષ્ઠિર : હે જનાર્દન ! જેષ્ઠ સુદમાં આવતી એકાદશીનું શું નામ છે ? તથા તેનું શું ફળ છે ? તે સાંભળવાની મારી ઈચ્છા છે. કૃપા કરીને જણાવો.

ભગવાન શ્રીકૃષ્ણ : હે રાજન ! તેનું માહાત્મ્ય પરમ ધર્માત્મા સત્યવતી નંદન શ્રી વ્યાસજી કરશે, કેમ કે તેઓ સંપૂર્ણ શાસ્રો, તત્વજ્ઞ, વેદ – વેદાંગોનાં પારંગત છે.

વ્યાસજી : હે રાજન ! બન્ને પક્ષની એકાદશી એ ભોજનનો ત્યાગ કરવો. બારસના દિવસે સ્નાનાદી કરી પવિત્ર થઈ ભગવાન શ્રી કેશવની પૂજા કરવી નિત્ય કર્મ સમાપ્ત કરતાં પહેલાં કુળદેવીને દાન કરી બ્રાહ્મણને ભોજન દક્ષિણા આપી છેલ્લે પોતે ભોજન કરીને પારણા કરવા. એકાદશીનાં દિવસે જન્મ સૂતક કે મરણનું સૂતક હોય તો પણ અન્ન લેવું નહીં.

આ સાંભળીને ભીમસેન : હે પરમ બુદ્ધિ માન પિતામહ ! મારી વાત સાંભળો ! રાજા યુધિષ્ઠિર, માતા કુન્તીજી, દ્રૌપદી,અર્જુન,નકુલ, સહદેવ આ બધા જ એકાદશી એ ભોજન ક્યારેય કરતાં નથી તથા મને પણ ભોજન કરવાની નાં પાડે છે ત્યારે હું તેમને જણાવવું છું કે મારા થી ભૂખ સહન થતી નથી.

ભીમસેનની વાત સાંભળીને વ્યાસજી : તમો સ્વર્ગને અભિષ્ટ તથા નરકને દૂષિત સમજો છો તો બન્ને પક્ષ ની એકાદશી એ હંમેશા ભોજનનો ત્યાગ કરવો જોઈએ.

ભીમસેન : હે મહાન બુધ્ધિ માન પિતામહ ! હું આપને સાચું જ કહું છું, મારાથી એકવાર પણ ભોજન કરીને વ્રત થઈ શક્તું નથી તો ઉપવાસ કરીને કેવી રીતે રહી શકાય ? મારા પેટમાં "વૃક" નામનો અગ્નિ સદા પ્રજ્વલિત રહે છે, જ્યારે હું વધુ જમું છું ત્યારે જ તે શાંત થાય છે. તેથી હે મહા મુને ! હું વર્ષમાં કેવળ એક જ વખત ઉપવાસ કરી શકું છું, જે વ્રત કરવાથી સ્વર્ગા સ્વર્ગની પ્રાપ્તિ સુલભ હોય, જે વ્રત કરવાથી કલ્યાણનો ભાગીદારી બની શકું, એવું કોઈ નિશ્ચિત વ્રત બતાવો કે તેનું હું યથોચિત પાલન કરી શકું.

વ્યાસજી : ભીમ ! જેષ્ઠ માસમાં સૂર્ય વૃષભ અથવા મિથુન રાશિમાં શુક્લ પક્ષ હોય અને એકાદશી હોય (અત્યારે સૂર્ય વૃષભમાં ચાલે છે સૌની જાણ માટે) ત્યારે "નિર્જેલા એકાદશી" નું વ્રત માત્ર કોગળા તથા આચમન પુરતું જ મુખમાં મુકવું. એ સિવાય જલનો કે ફલાહારનો ઉપયોગ કરવો જોઈએ નહીં. વ્રત કરનારે એકાદશીનાં સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધી જલનો ત્યાગ કરવો. બારસના દિવસે સ્નાન કરીને નિત્ય કર્મ સમાપ્ત કરી શ્રી કેશવની પૂજા કરી બ્રાહ્મણોને વિધિપૂર્વક જલ તથા સુવર્ણનું દાન કરીને બ્રાહ્મણોની સાથે ભોજન કરીને આશિર્વાદ લઈને કાર્ય સંપન્ન કરે. વર્ષ ભરમાં આવતી જેટલી એકાદશી આવે છે તે બધી જ એકાદશી નું ફળ નિર્જેલા એકાદશી કરવાથી મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે તેમાં જરા પણ સંદેહ નથી.

વ્યાસજી : શંખ, ચક્ર, ગદા ધારણ કરનાર શ્રી કેશવે મને કહ્યું છે કે, મનુષ્ય બધાને છોડીને મારા શરણમાં રહીને નિરાહાર એકાદશી રહે તો બધા જ પાપોમાંથી મુક્તિ મળે છે.

એકાદશી નું વ્રત કરનાર મનુષ્ય પાસે વિશાળ કાય, વિકરાળ, કાળા દંડ, પાશધારી ભયંકર યમદૂત નજીક આવી શક્તા નથી. અંતકાળે પિતાંબર ધારી, સૌમ્ય સ્વભાવવાળા, હાથમાં સુદર્શન ધારણ કરેલ મનની સમાન ગતિવાળા વિષ્ણુ દૂતો આવીને તે જીવને વિષ્ણુ લોકમાં વિમાન દ્વારા લઈ જાય છે તેમાં સંદેહ નથી.

તમો બધા પાપોમાંથી મુક્તિ મેળવવા પ્રયત્નપૂર્વક નિર્જેલા એકાદશીનું વ્રત કરીને, શ્રી હરિનું પૂજન કરીને મેરૂ પર્વત જેવા મહાન પાપોને ભસ્મીભૂત કરવાની શક્તિ આ એકાદશીમાં છે. આ વ્રત કરવાથી પુણ્યનાં ભાગીદાર બનીને એક એક પ્રહરમાં કોટિ કોટિ સુવર્ણ મુદ્રાઓનું ફળ મળે છે.

નિર્જેલા એકાદશીના રોજ મનુષ્ય દાન, જપ, હોમ ભક્તિ ભાવથી કરેછે તેને અક્ષય ઘણું ફળ પ્રાપ્ત થાય છે તેવું ભગવાન શ્રી કૃષ્ણનું કહેવું છે.

જે કોઈ એકાદશીનાં દિવસે અન્ન ખાય છે તે પાપ ખાય છે, આ લોકમાં ચાંડાલ સમાન છે , અંતકાલે દુર્ગતિ ને પ્રાપ્ત થાય છે.

જે કોઈ નિર્જેલા એકાદશીનો ઉપવાસ કરી કુળદેવીને જે દાન આપે છે તેઓ પરમ પદને પામે છે તથા બ્રહ્મ હત્યા, શરાબી, ચોર, ગુરૂદ્રોહી હોય તો પણ તે બધા પાપોથી મુક્ત થાય છે.

હે કુન્તી નંદન ! નિર્જેલા એકાદશીના દિવસે સ્રીઓ તથા પુરુષો એ ભગવાન શ્રી વિષ્ણુની જલમાં શયન કરે છે. તેવા ભાવ સાથે પૂજા કરવી. જલમયી ગાયનું દાન અથવા ઘી સાથે ગાયનું પ્રત્યક્ષ દાન કરવું.

પર્યાપ્ત દક્ષિણા, મિષ્ટાન્ન ભોજન બારશને દિવસે બ્રાહ્મણોને સંતોષ કરવાથી શ્રી હરિ મોક્ષ

પ્રદાન કરે છે. એકાદશીનાં દિવસે શમ, દમ , દાન પ્રવૃત્ત થઈ શ્રી હરિનું પૂજન કરીને રાત્રિ જાગરણ કરીને નિર્જેલા એકાદશીનું વ્રત કરવું જોઈએ.

નિર્જેલા એકાદશીના દિવસ વસ્ત્રો, ગાય, શૈયા, સુન્દર આસન, કમંડળ, છત્રી, પગરખાં સુપાત્ર બ્રાહ્મણોને દાન કરવું. ચૌદશ યુક્ત અમાસ સૂર્ય ગ્રહણ સમયે જે મનુષ્ય શ્રાધ્ધ કરીને પુણ્ય પ્રાપ્ત કરે છે તે આ માહાત્મ્ય સાંભળી ને પ્રાપ્ત થાય છે.

નિર્જેલા એકાદશીના દિવસ ભગવાન શ્રી કેશવની પૂજા કરવી, નિરાહાર રહીને આચમન સિવાય જલનો ત્યાગ કરવો તે દિવસે ભગવાન શ્રી વિષ્ણુની પૂજા કરવી જોઈએ ગંધ, પુષ્પ, ધૂપ , સુંદર વસ્ત્રો, આભુષણ થી પૂજા અર્ચન કરીને જલથી ભરેલા ઘડાકો સંકલ્પ કરવો નીચેના મંત્રથી ઉચ્ચારણ કરવું.

देव देव ऋषिकेश संसारार्णवतारक ।

उदकुम्भप्रदानेन नय मां परमां गतिम् ।।

સંસાર સાગરને તારવાવાળા દેવોનાં દેવ ઋષીકેશ ! આ જલથી ભરેલા ઘડાનાં દાન કરવાથી મને ઉત્તમ લોકની પ્રાપ્તિ કરાવશો.

ભીમસેન : નિર્જેલા એકાદશી નું વ્રત કરવું જોઈએ, કુળદેવી ને દાન કરવું જોઈએ, બ્રાહ્મણોને સાંકર તથા જલ થી ભરેલા ઘડા નું દાન કરવું જોઈએ. આ કરવાથી ભગવાન શ્રી વિષ્ણુ ની નજીક જવાય છે, આનંદ નો અનુભવ થાય છે. બીજા દિવસે બ્રાહ્મણો ને ભોજન કરાવીને પોતે પણ ભોજન કરીને પુણ્ય પ્રાપ્ત કરવું જોઈએ.

શ્રી વ્યાસજી ની આજ્ઞા થી ભીમસેને નિર્જેલા એકાદશી ના વ્રત નો પ્રારંભ કર્યો ત્યારથી ભીમ અગિયારસ તરીકે પણ વિખ્યાત થઈ છે.

---

## જો પેશાબ અચાનક બંધ થઈ જાય તો શું કરવું ??

૫૫ વર્ષ વટાવી ચુકેલા ખાસ સમય કાઢીને વાંચજો સાહેબ આ અનુભવ છે ૭૦ વર્ષના ENT નિષ્ણાત અને જાણીતા એલોપેથી ડોક્ટરનો.

આવો સાંભળીએ અનોખો અનુભવ.

એક સવારે તે અચાનક જાગી ગયો. તેને પેશાબ કરવાની જરૂર હતી, પરંતુ તે કરી શકતો ન હતો (કેટલાક લોકોને કેટલીક વાર પછીની ઉંમરે આ સમસ્યા થાય છે). તેણે વારંવાર પ્રયાસ કર્યો, પરંતુ સતત પ્રયત્નો નિષ્ફળ ગયા. પછી તેને સમજાયું કે સમસ્યા ઉભી થઈ છે.

ડૉક્ટર હોવાને કારણે, તે આવી શારીરિક સમસ્યાઓથી મુક્ત ન હતો; તેનું નીચલું પેટ ભારે થઈ ગયું. બેસવું કે ઊભા રહેવું મુશ્કેલ બન્યું, પેટના નીચેના ભાગમાં દબાણ વધ્યું.

પછી તેણે એક જાણીતા યુરોલોજિસ્ટને ફોન પર બોલાવીને પરિસ્થિતિ સમજાવી.

યુરોલોજિસ્ટે જવાબ આપ્યો : "હું હાલમાં બહારની હોસ્પિટલમાં છું, અને બે કલાકમાં તમારા વિસ્તારના ક્લિનિક પર પહોંચી શકીશ. શું તમે આટલા સમય સુધી ટકી શકશો ?"

તેણે જવાબ આપ્યો: "હું પ્રયત્ન કરીશ."

તે જ સમયે, તે બાળપણની અન્ય એલોપેથિક મહિલા–ડોક્ટરના ધ્યાન પર આવ્યો. ખૂબ જ મુશ્કેલીથી તેણે તેના મિત્ર ડૉક્ટરને પરિસ્થિતિ વિશે જણાવ્યું.

મિત્રે જવાબ આપ્યો : ઓહ, તમારું મૂત્રાશય ભરાઈ ગયું છે. અને તમે પ્રયત્ન કરવા છતાં પણ પેશાબ કરી શકતા નથી... ચિંતા કરશો નહીં. હું તમને કહું તેમ કરો. તમે આ સમસ્યામાંથી છુટકારો મેળવી શકશો. મળશે. "

અને તેણે સૂચના આપી:–

"સીધા ઉભા રહો, અને વારંવાર જોરશોરથી કૂદકો. કૂદતી વખતે, બંને હાથ ઉંચા રાખો, જાણે કે તમે ઝાડ પરથી કેરી તોડી રહ્યા હોવ. આ ૧૦ થી ૧૫ વખત કરો."

વૃદ્ધ ડૉક્ટરે વિચાર્યું: " શું હું ખરેખર આ પરિસ્થિતિમાં કૂદી શકીશ? સારવાર થોડી શંકાસ્પદ લાગતી હતી. તેમ છતાં ડૉક્ટરે પ્રયાસ કર્યો...

૩ થી ૪ વાર કૂદકા માર્યા પછી તેને પેશાબ કરવાની ઈચ્છા થઈ અને તેને રાહત થઈ.

તેણે ખુશીથી તેના મિત્ર ડૉક્ટરનો આટલી સરળ રીતે સમસ્યા ઉકેલવા બદલ આભાર માન્યો.

નહિંતર, તેને હોસ્પિટલમાં દાખલ થવું પડશે, મૂત્રાશયના પરીક્ષણો, ઇન્જેક્શન, એન્ટિબાયોટિક્સ વગેરે, તેમજ કેથેટરાઇઝેશન ... સાથે તેના અને તેના નજીકના અને પ્રિયજનો માટે માનસિક તાણ સાથે, લાખોનું બિલ આવશે. .

કૃપા કરીને વરિષ્ઠ નાગરિકો સાથે શેર કરો. આ ત્રાસદાયક અનુભવ ધરાવતા કોઈપણ માટે અહીં એક ખૂબ જ સરળ ઉપાય છે.

બધા વરિષ્ઠ નાગરિકો (૫૫ થી ઉપર) કૃપા કરીને વાંચો, તમારા માટે ફાયદાકારક હોઈ શકે છે..

તમે જાણો છો કે મન ગમે તેટલું જુસ્સાદાર હોય, પરંતુ ૬૦ વર્ષની ઉંમર વટાવ્યા પછી જો તમે તમારી જાતને ચપળ અને મજબૂત માનતા હોવ તો તે ખોટું છે. હકીકતમાં, વધતી ઉંમર સાથે, શરીર એટલું મજબૂત અને ચપળ રહેતું નથી. તમારું શરીર ઢાળ પર છે, જેના કારણે હાડકા અને સાંધા નબળા છે, પરંતુ ક્યારેક મનમાં એવો ભ્રમ રહે છે કે 'હું આ કામ ચપટીમાં કરીશ.

એક વરિષ્ઠ નાગરિક હોવાના નાતે હું કેટલીક એવી ટિપ્સ આપી રહ્યો છું જેને ધ્યાનમાં રાખવી જોઈએ.

અકસ્માતમાં પરિણામ અને શારીરિક નુકસાન ! આ ઇજાઓ અસ્થિભંગથી માથાની ઇજાઓ સુધીની હોઈ શકે છે. એટલે કે ક્યારેક તે જીવલેણ પણ બની જાય છે.

તેથી જેમને હંમેશા ઉતાવળમાં કામ કરવાની આદત હોય છે, તેઓ પોતાની આદત બદલી નાખે તે વધુ સારું રહેશે.

ગૂંચવણમાં ન પડો, સાવચેત રહો કારણ કે હવે તમે પહેલા જેવા ચપળ નથી.

નાની ભૂલ ક્યારેક મોટા નુકશાનનું કારણ બની જાય છે.

સવારે ઉઠતાની સાથે જ પથારીમાંથી ઉઠશો નહિ, કારણ કે આંખો ખુલે છે પરંતુ શરીર અને નસોમાં લોહીનો પ્રવાહ સંપૂર્ણ સભાન અવસ્થામાં થતો નથી.

તો પહેલા થોડીવાર બેડ પર બેસો અને સંપૂર્ણ સભાન થઈ જાઓ. બેસતી વખતે તમારા પગમાં સ્લીપર/ચપ્પલ રાખવાનો પ્રયાસ કરો અને ઊભા રહો ત્યારે ટેબલ અથવા કોઈપણ આધારને પકડીને ઉભા રહો. ઘણીવાર એ ઠોકર ખાવાનો અને પડવાનો સમય હોય છે.

પડવાની મોટાભાગની ઘટનાઓ ફક્ત બાથરૂમ/વોશરૂમ અથવા ટોયલેટમાં જ બને છે. તમે એકલા રહો છો, તમારા જીવનસાથી સાથે કે સંયુક્ત કુટુંબમાં, તમે બાથરૂમમાં એકલા જ છો.

જો તમે ઘરમાં એકલા રહો છો, તો વધુ સાવચેત રહો કારણ કે જો તમે પડ્યા પછી ઉભા ન થઈ શકો તો દરવાજો તોડવાથી જ મદદ તમારા સુધી પહોંચશે, તે પણ જ્યારે તમે સમયસર પડોશીને માહિતી મોકલી શકશો.

બાથરૂમમાં પણ તમારી સાથે મોબાઈલ રાખવાનું યાદ રાખો જેથી તે જરૂરિયાત સમયે ઉપયોગી થઈ શકે.

દેશી ટોયલેટ કમોડ ને બદલે યુરોપિયન કમોડ ટોયલેટનો ઉપયોગ કરો. જો નહીં, તો સમયસર બદલો જે જરૂરી છે.

જો શક્ય હોય તો, કમોડની નજીક હેન્ડલ ઇન્સ્ટોલ કરો. નબળાઈની સ્થિતિમાં તેને પકડીને ઉઠવું જરૂરી બની જાય છે.

બજારમાં પ્લાસ્ટિક વેક્યુમ હેન્ડલ્સ પણ ઉપલબ્ધ છે, જે ટાઇલ જેવી સરળ સપાટી પર ચોંટી જાય છે, પરંતુ દરેક વખતે ઉપયોગ કરતા પહેલા તેને ખેંચીને તપાસો.

હંમેશા જરૂરી ઊંચા સ્ટૂલ પર બેસીને સ્નાન કરો.

ભીના હાથે ક્યારેય ટાઈલ્સ દિવાલનો સહારો ન લો, તમારો હાથ લપસતા જ તમે 'ડિસ-બેલેન્સ'ને કારણે પડી શકો છો.

કોટનનું પગ લૂછણીયું બાથરૂમની બહાર જ રાખો જે ભીના તળિયામાંથી પાણી શોષી લે છે. થોડી સેકન્ડો માટે તેના પર ઊભા રહો, પછી તમારા પગને ફ્લોર પર મૂકો, તે પણ કાળજીપૂર્વક.

ભલે તે અન્ડરગાર્મેન્ટ હોય કે કપડાં, તેને ફક્ત તમારા ચેન્જ રૂમ અથવા બેડરૂમમાં જ પહેરો. ઉભા રહીને ક્યારેય અન્ડરવેર, પાયજામા કે પેન્ટ ન પહેરો.

તમારા પગ હંમેશા દિવાલનો ટેકો લઈને અથવા બેસીને તેમના પગરખાંમાં મૂકો, પછી ઉભા થતાં પહેરો, નહીં તો અકસ્માત થઈ શકે છે.

ક્યારેક સ્માર્ટનેસ ઉંચી કિંમતે આવે છે.

તમારી રોજિંદી જરૂરિયાતની વસ્તુઓને નિશ્ચિત જગ્યાએ રાખવાની ટેવ પાડો, જેથી તેને સરળતાથી ઉપાડી શકાય અથવા શોધી શકાય.

જો તમને ભૂલી જવાની આદત હોય તો ટેબલ કે દિવાલ પર જરૂરી વસ્તુઓનું લિસ્ટ લગાવો, ઘરની બહાર નીકળતી વખતે તેનું ધ્યાન રાખો, સરળતા રહેશે.

જે દવાઓ દરરોજ લેવાની હોય છે, તેને પ્લાસ્ટિક પ્લાનરમાં રાખો, જેમાં અઠવાડિયાની દવાઓ જોડાયેલ બોક્સમાં દિવસ પ્રમાણે રાખવામાં આવે છે

ઘણીવાર મૂંઝવણ રહે છે કે દવાઓ લીધી છે કે ભૂલી ગઈ છે. આયોજક પાસેથી દવા લેવામાં કોઈ ભૂલ થશે નહીં.

ઉપર અને નીચે સીડી પર જતી વખતે હંમેશા હેન્ડ્રેઇલનો ઉપયોગ કરો, ભલે તમે સક્ષમ હો, ખાસ કરીને ઓટોમેટિક સીડી પર.

ધ્યાનમાં રાખો કે તમારું શરીર હવે તમારા મનનો આજ્ઞાકારી સેવક નથી.

વધતી ઉંમરમાં, એવું કોઈ પણ કામ જે તમે હંમેશા કરતા રહ્યા છો, તેને રોકવું જોઈએ નહીં.

ઓછામાં ઓછું તમારી જાતને લગતું કામ કરો. વાહન ની જેમ આપણી પણ એવરેજ વર્ષ આયું વીતતા ઓછી થાય છે.

ઘરની બહાર જવાની ટેવ ન છોડો, રોજ સવારે પાર્કમાં જાવ, નાની-નાની કસરતો કરતા રહો. નહિંતર, તમે યોગ અને કસરતથી દૂર જશો અને શરીરના અંગોની પ્રવૃત્તિ અને લચકતા ઘટશે. દરેક ઋતુમાં થોડોક યોગ-પ્રાણાયમ કરતા રહો.

તમારું પાણી, ખોરાક, દવા વગેરે લો જેથી શરીરમાં પ્રવૃતિ જળવાઈ રહે. જ્યારે અત્યંત જરૂરી હોય ત્યારે જ અન્યની મદદ લેવી જોઈએ.

જો ઘરમાં નાના બાળકો હોય તો તેમની સાથે વધુ સમય વિતાવો, પરંતુ તેમની સાથે વધારે વાત ન કરો.

ધ્યાનમાં રાખો કે હવે હવે તમારે દરેક સાથે એડજસ્ટ થવું પડશે અને દરેક વ્યક્તિ તમારી સાથે નથી.

આને સમાયોજિત કરવા માટે, પછી ભલે તે મોટું કુટુંબ હોય, નાનું કુટુંબ હોય કે પત્ની / પતિ, મિત્ર, પાડોશી કે સમાજ.

હંમેશા એક મૂળભૂત મંત્રનો ઉપયોગ કરો.

૧. નોન એટલે મીઠું. ખોરાક પ્રત્યેના સ્વાદને નિયંત્રિત કરો.

૨. મૌન ઓછામાં ઓછું અને જ્યારે જરૂરી હોય ત્યારે જ બોલો.

૩. કોણ (જેમ કે કોણ આવ્યું, કોણ ગયું, કોણ ક્યાં છે, કોણ શું કરી રહ્યું છે) તમારી દખલગીરી ઓછી કરો.

---

### બસ આટલી જાતના જ માણહ હોય છે ગુજરાતી ભાષામાં !!

અવળચંડા, અક્કલમઠા, અદેખા, અકર્મી, આપડાયા, ઓસિયાળા, ઉતાવળા, આઘાપાસિયા, એકલપંડા, ઓટીવાળ, કજીયાખોર, કદરૂપા, કરમહીણા, કવાજી, કસબી, કપટી, કપાતર, કકળાટીયા, કામી, કાળમુખા, કાવતરાખોર, કાણગારા, કાંડાબળિયા, કમજાત, કાબા, કબાડા, અધકચરા, અજડ, આળસું, અટકચાળિયા, ખટપટિયા, ખુંધા, ખાવધરા, ખટહવાદિયા, ખૂટલ, ખેલાડી, ખેલદિલ, ખોચરા, ખુવાર, ગરજુડા, ગપસપિયા, ગપ્પીદાસ, ગણતરીબાજ, ગળેપડું, ગંદા, ગંજેરી, ગાંડા, ગોલા, ગોબરા, ગમાર, ગુણગ્રહી, ગભરુ, ગુલાટમાર, ગાલાવેલિયા, જ્ઞાની, ઘરરખા, ઘરમુલા, ઘમંડી, ઘરઘૂસલા, ઘરફાળુ, ઘેલહાગરા, ઘોંઘાટિયા, ઘૂસણખોર, ચતુર, ચહકેલ, ચબરાક, ચોવટિયા, ચાપલા, ચાગલા, ચીકણા, છકેલ, છોકરમતીયા, છેલબટાવ, છીંછરા, જબરા, જોરાવર, જબરવસીલા, જોશીલા, જીણા, ઠરેલ, ઠાવકા, ઠંડા, ડંફાસિયા, ડાકુ, ડરપોક, ડંખીલા, ડફોળ, તમોગુણી, તરંગી, તુકાબાજ, દયાળુ, દરિયાદિલ, દાતાર, દાણચોર, દુ:ખીયા, દિલદગડા, દોરંગા, દોઢડાયા, દિલદગડા, ધંધાદારી, ધમાલીયા, ધોકાપંથી, ધાળપાડું, ધુતારા, ધર્મનિષ્ઠ, ધૂળધોયા, ધિરજવાન, નવરા, નગુણા, નખોદીયા,

નમાલા, નિડર, નિશ્વાર્થી, નિજાનંદી, નિષ્ઠુર, નિર્ણય, નિર્મોહી, પરોપકારી, પરિશ્રમી, પરાધીન, પહોંચેલા, પંચાતિયા, પાણિયારા, પાંગળા, પુરષાર્થી, પોચા, પોપલા, પ્રેમાળ, પાગલ, ફરતિયાળ, ફોસી, ફતન દિવાળીયા, ફાકાળ, ફાલતુ, ફુલણસિંહ, ફાટેલ, લબાડ બહાદુર, બગભગત, બટકબોલો, બચરવાળ, બહુરંગા, બેદરકાર, બિચારા, બોતડા, બાયલા, બિકણા, બોલકણા, બળવાખોર, બુદ્ધિશાળી, ભડવીર, ભૂલકણા, ભલા, ભદ્રિક, ભારાળી, ભાંગફોડિયા, ભૂંડા, ભોળા, ભમરાળા, મૂરખનો સરદાર, મરણિયા, મસ્તીખોર, મફતીયા, મનમોજી, મતલબી, મિંઢા, મિઠાબોલા, મિંજરા, મારફાડિયા, માયાળુ, માખણીયા, મારકણા, મુરખા, મરદ, રમુજી, રમતીયાળ, રસિક, રાજકારણી, રજવાડી, રિસાડવા, રોનકી, રોતી, રૂડા, રેઢલ, રેઢીયાળ, સુધરેલા, સમજદાર, શંકાશિલ, શાણા, સંતોષી.

ગુજરાતી પ્રજા જ નહી પણ ગુજરાતી ભાષા પણ કેટલી સમૃદ્ધ છે એ આ નાનકડી શબ્દસૂચિ ઉપરથી સમજાશે !!!

વ્યક્તિના વ્યક્તિત્વને અભિવ્યક્ત કરવા ગુજરાતી ભાષાનો આ ખજાનો ગુજરાતી હોવાનો જેને ગર્વ છે એવા ગુજરાતીઓને શેર કરો.

---

## ભગવાનનો હિસાબ !!!

### રવિવાર નો દિવસ...

સવારના દસ વાગ્યા હતા. અચાનક મારા મિત્ર ભાવેશ નો મોબાઈલ મારા ઉપર આવ્યો.

ભાવેશ નો નંબર અને નામ વાંચી મને નવાઈ લાગી.

જિંદગીની રફતાર અને રૂપિયાની વાત કરું તો ભાવેશ અમારાથી ઘણો દૂર નીકળી ગયો હતો. કરોડોની વાતો અને કરોડોના બિઝનેસમાં મારા જેવો પગારદાર મિત્રની અચાનક યાદ કેમ આવી ?

મેં કીધું બોલ દોસ્ત સુદામા ની યાદ કેમ આવી ?

મારે તને મળવું છે ભાવેશની વાત માં ઢીલાશ હતી.

મેં કીધું દોસ્ત એપોઇન્ટમેન્ટ મોટા માણસની લેવાય અમે તો નાના માણસ. આવ દોસ્ત હું ઘરે જ છું..

થોડીવારમાં ભાવેશ અમારા ઘરે વર્ષો પછી આવ્યો.

મેં તેને આવકાર્યો.

થોડી વાતચીત પછી મેં કીધું દોસ્ત તારું અચાનક આ તરફ આવવા પાછળ કોઈ કારણ તો હોવું જોઈએ?

તારી વાત સાચી છે...દોસ્ત

આજે તારે મારી સાથે આવવાનું છે...ભાવેશ બોલ્યો...

ક્યાં ?

રોહિત ના ઘરે ?

પણ રોહિતને તો આ દુનિયા છોડે ૨૦ વર્ષ થવા આવ્યા...

હવે તેના ઘરે જઈ તારે શું કરવું છે ?

મારે જૂનો હિસાબ પૂરો કરવો છે...ઢીલા અવાજે ભાવેશ બોલ્યો...

સમીર તેં મને ઘણા વર્ષો પહેલા કર્મના સિદ્ધાંતો સમજાવતા કીધું હતું...

દોસ્ત... હક્ક નું રાખ ..બાકી નું પાછું આપી દે...

મેં તારી સાથે ઉગ્ર ચર્ચા પણ કરી હતી.

તેં મને ચર્ચાના અંતે ફક્ત એટલુંજ કીધું હતું...

દોસ્ત..ખરાબ કર્મના કુંડાળા માં પગ ભૂલથી પણ ન મુકતો...ભગવાન પણ નહીં બચાવી શકે તને ... કારણ એ પોતે કર્મબંધનથી બંધાયલો હોય છે..

મેં કીધું...હા દોસ્ત મને હજુ બધું જ યાદ છે...રોહિત નું અચાનક હાર્ટફેલ થી અવસાન થયું...તમારા બંન્ને વચ્ચે મૌખિક લાખો કરોડો ની લેવદેવડ હતી....

રોહિત પોતાની "ડાયરી" માં આ લેવદેવડ લખતો હતો..તેમાં તારે એ સમયે સવા કરોડ રોહિતના પરિવારને ચૂકવવાના નીકળતા હતા..એ સત્ય હકીકત તું પણ જાણતો હોવા છતાં..તેં આ ડાયરીનો હિસાબ ખોટો છે કહી..વાતને નકારી કાઢી હતી.

રોહિતની પત્ની અને તેનો છોકરો દેવાંગ સંસ્કારી અને ધાર્મિક સ્વભાવના હતા તેઓએ હાથ જોડી ત્યારે તને કીધું હતું..."તમારી અને પપ્પાની કાચી ચિઠ્ઠીનો હિસાબ હું જાણતો નથી, પણ પપ્પાની ડાયરીમાં હિસાબ તારીખ સાથે લખેલ છે..છતાં પણ મેં પપ્પાનો હિસાબ મારા ઠાકોરજીને સોંપ્યો છે.....તમને એટલું જરૂર કહીશ...એક વખત ઘરે જઈ હિસાબ બરાબર જોઈ લેજો...અંકલ ..કારણ કે મારો ઠાકોરજી હિસાબ કરવા જ્યારે બેઠો છે ત્યારે છાતી ઉપર પગ રાખી રૂપિયા કઢાવશે...

હા અને એ પણ યાદ રાખજો...મારા હક્કના રૂપિયા તમારા ઘરમાં હશે..તો તમારે જાતે મને રૂપિયા અહીં આપવા આવવા પડશે..."

સમીર તને હજુ બધું યાદ છે?..ભાવેશ બોલ્યો...

હા ભાવેશ..જીવન માં અમુક સમય સ્થળ, સંજોગ અને બનાવ જીવનના અંત સુધી ભૂલાતા નથી...

રોહિત પણ મારો મિત્ર અને તું પણ મારો મિત્ર...તમારા બન્નેની લેવદેવડ મને ખબર ન હતી પણ રોહિતનો છોકરો દેવાંગની આંખની ભાષામાં સત્ય હતું સાથે ભગવાન ઉપરનો પૂર્ણ વિશ્વાસ હતો.

પણ અચાનક તેના ઘરે જવાનું કારણ.. મેં પૂછ્યું...

જો દોસ્ત..મારા પુત્ર સંતોષનો ગંભીર કાર અકસ્માત બે દિવસ પહેલા થયો છે. અત્યારે "જેં માં છે...ડોક્ટર ખૂબ પ્રયત્ન તેને બચાવવા માટે કરી રહ્યા છે. જીવન મરણનો ખેલ છે..બચે તો પણ કોઈ શારિરીક ખામી આવે તેવી બીક છે. મારી પાસે કરોડો રૂપિયા છે. સામે વારસદાર એક જ છે. મન મારૂં ગભરાઈ રહ્યું છે દોસ્ત.

ચલ ઉભો થા દોસ્ત....આજે મોડું ન કરતો..

અમે...કારમાં રોહિતના ઘરે પહોંચ્યા...રોહિતના પત્ની સ્વાતિ અમને ઓળખી ગઈ ..તેમણે અમને આવકાર આપ્યો...

થોડી વાર પછી....સ્વાતિએ ભાવેશ સામે હાથ જોડી પૂછયુ...ભાવેશભાઈ હજુ કંઈ

હિસાબ ચૂકવવાનો અમારા તરફથી બાકી છે ?

ના સ્વાતિ ભાભી....

ડાયરી ખોલવાનો સમય થયો છે..

તમારો મતલબ હું નથી સમજી... સ્વાતિ બોલી..

રોહિતની ડાયરી આપો...ભાભી.

ત્યાં બહાર થી થી દેવાંગ આવ્યો ૨૦ વર્ષના લાંબા ગાળા પછી મળ્યા હોવાથી..તે અમને ઓળખી શક્યો નહિ...

તેણે તેની મમ્મી સામે જોયું...

બેટા તારા પપ્પાના જુના મિત્ર...ભાવેશભાઈ અને સમીરભાઈ...દેવાંગ અમને હાથ જોડી સોફામાં બેઠો...પછી ધીરેથી ભાવેશ સામે જોઈ બોલ્યો, બોલો અંકલ અચાનક આ તરફ...

બેટા પહેલા એ કહે તું અત્યારે શું કરે છે ?

અંકલ એ સમય જતો રહ્યો, જ્યારે તમારે ખરેખર પૂછવાનું હતું...છતાં પણ તમને જણાવી દઉં...હું આપણા શહેરની

મોટી હોસ્પિટલ "શ્રેય" માં ડૉક્ટર છું...ખાસ કરી ને સર્જરીમાં નિષ્ણાત ડોક્ટરોમાં મારુ નામ છે.

ભાવેશ ઉભો થઇ ગયો..બેટા ત્યાં જ મારો પુત્ર ઁજીં માં છે...

દેવાંગે કીધું નામ ?

સંતોષ ...ભાવેશ બોલ્યો.

દેવાંગે કીધું..અંકલ..એ મારા ઓબ્ઝરવેશન હેઠળ જ છે...

ભાવેશ હાથ જોડી બોલ્યો બેટા...તને શું લાગે છે ?

જુઓ અંકલ ક્રિટિકલ તો છે..પણ હિંમત હારી જવા જેવું પણ નથી....જ્યારે સંતોષને દાખલ કરવામાં આવ્યો તેના કરતાં હાલ માં તબિયત સુધારા ઉપર છે..

ઘણી વખત દવા કરતા દુવા કામ કરે છે.... ઠાકોરજી રક્ષા કરશે..ચિંતા ન કરો..અમે ડોક્ટર તો લોકોના દુઃખ દર્દ દૂર કરી શકીયે.. બાકી જીવનની દોર તો ઈશ્વરના હાથ માં જ છે.

બોલો...આપ નું આ બાજુ આવવા નું કારણ ?

બેટા તારા પરિવાર સાથે દગો કરનાર વ્યક્તિ સાથે પણ તું આટલી શાંતિપૂર્વક અને વિવેકપૂર્ણ વાત કરે છે...તારામાં કોઈ ખાસ વાત છે...

અરે અંકલ તમે દગો કર્યો , કે વિશ્વાસઘાત કર્યો આ કેસ મેં ઉપરવાળાની અદાલતમાં વર્ષો પહેલા સોંપી દીધો છે...તેમાં તારીખો ન પડે સીધો જ ફેંસલો ...

હવે એ જ નક્કી કરશે..તમને કે મને નક્કી કરવાનો અધિકાર નથી ..માનવસર્જિત અદાલત કચેરીમાંથી સતા કે રૂપિયાના જોરે એક વખત કોઈ પણ વ્યક્તિ છૂટી જાય છે પણ ઈશ્વરની અદાલતમાંથી કદી છુટી શકતો નથી...

વાહ..બેટા મેં તને ઓળખવામાં ભૂલ તો કરી છે...

બેટા દેવાંગ રોહિતની ડાયરી મને આપ આજે હું જૂનો હિસાબ ચૂકવવા આવ્યો છું.

દેવાંગ બોલ્યો... શું ઉતાવળ છે..?

બેટા તારા શબ્દો તું જ યાદ કર.

મારો ઠોકરજી લેવા જ્યારે બેસશે ત્યારે છાતી ઉપર પગ રાખી કઢાવશે...

આ કોરો ચેક...હિસાબ પણ તારો અને વ્યાજ પણ તારું..

તેં જ કીધું હતું ને મારા હક્કના રૂપિયા હશે તો તમારે મારા ઘરે આપવા આવવા પડશે. આજે હું તારા ઘરે તારા હક્કના રૂપિયા આપવા આવ્યો છું.

અંકલ...તમે અત્યારે મુસીબતમાં છો....

આ પરિસ્થિતિમાં રૂપિયા લેવડ દેવડ મને યોગ્ય નથી લાગતી...સંતોષ ને સારું થઈ જાય પછી આપણે સાથે બેસી હિસાબ કરશું...

મારી પાસે કે ભાવેશ પાસે બોલવા માટે કોઈ શબ્દો ન હતા....રૂપિયા ની ભૂખ માણસને જાનવર બનાવી દે છે, સંબંધોની ગહનતા ભૂલવાડી દે છે.

પણ આજે દેવાંગને મળવાથી તેની વાતો સાંભળવાથી મને એવું લાગ્યું...ભગવાનમાં માત્ર શ્રદ્ધા નહીં વિશ્વાસ પણ રાખવો જોઈએ.....

ભાવેશ ભીની આંખે બોલ્યો, બેટા તારી ભક્તિ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાની આજે જીત થઈ છે.

ના અંકલ આ પ્રભુના ન્યાયની જીત છે...ગરીબ લાચાર,અશક્ત લોકો માટે સંસારમાં લડવા વાળું કોણ ?

એક માત્ર ઈશ્વર...આવી વ્યક્તિ લાચાર થઇ જ્યારે આકાશ તરફ જુએ ત્યારે સમજી લેવું કેસ ઉપરવાળાની અદાલતમાં ફાઇલ થઈ ગયો...

અંકલ પપ્પા મને કહેતા..કર્મ હંમેશા દઝાડે છે...

આનંદ કરતા પરિવાર ઉપર અચાનક આફત આવે તો..સમજી લેવું...ખોટા રૂપિયા ઘરમાં આવ્યા છે..અથવા કર્મનો હિસાબ ચૂકવવાનો સમય થયો છે...અમારા પણ ગત જન્મના લેણદેણ હશે જે પુરા થયા એટલે અચાનક પપ્પા અમને મૂકી જતા રહ્યા.. દેવાંગ ઢીલો થઈ બોલ્યો...

તમે આનંદમાં હો ત્યારે સમજી લ્યો સત્કર્મનું બેલેન્સ ખાલી થઈ રહયું છે...અને તમે દુ:ખી અથવા કોઈ પીડા ભોગવતા હો ત્યારે સમજી લ્યો તમારા દુષ્કર્મની સજા તમે કાપી રહ્યા છો....સત્કર્મનું બેલેન્સ વધારતા રહો અને સદા આનંદમાં રહો...

ભાવેશ..ઉભો થઇ દેવાંગ ને ભેટી પડ્યો....તારો બાપ સંસ્કારી અને ખૂબ ધાર્મિક હતો, તેના સંપર્કમાં હું હતો તો પણ તેને હું ઓળખી ન શક્યો....બેટા મને માફ કર...

જય શ્રી કૃષ્ણ...બેટા

આ સાઈન કરેલો કોરો ચેક તારા પપ્પાની ડાયરી માં રાખ મારા આયુષ્યની મને પણ ખબર નથી..આ લેણદેણના સબંધ મારે અહીં આ જન્મમાં જ પુરા કરવા છે કહી...ભાવેશ રડી પડ્યો.

મેં ઉભા થતા દેવાંગને કીધું બેટા લોકો ગીતાજી વાંચે છે તેનો એક મહત્વપૂર્ણ સંદેશ પણ વાંચે છે..

"મારા ભાગ્યમાં લખેલ હશે તો દુનિયાની કોઈ પણ તાકાત ઝૂંટવી નહિ શકે....અને જો

મારા ભાગ્યમાં નહિ હોય તો દુનિયાની કોઈ પણ તાકાત એ મને અપાવી નહિ શકે. તે આ ગીતાજીના સંદેશએ સાબિત કરી બતાવ્યું.

## જિંદગીની ગાડી કેમેય કરીને પાટે ચડતી નથી

### લેખકઃ કૃષ્ણકાંત ઉનડકટ

જિંદગીની ફિતરત રોજે રોજ બદલતા રહેવાની છે, એટલે જ જિંદગીની ફ્રિક્વન્સી રોજે રોજ સેટ કરવી પડે છે. જેને સેટ કરતા નથી ફાવતું એ જ અપસેટ રહેતા હોય છે ! વાંચો, 'ચિંતનની પળે'

નાની અમથી વાત પર આવી ગયાં, આંસુ એની જાત પર આવી ગયાં,
હું રડ્યો તો મારી સાથે એ રડ્યાં, આંસુઓ જજબાત પર આવી ગયાં.

–દીપક ઝાલા, 'અદ્વેત'

કોઇ તમને પૂછે કે, જિંદગી કેવી લાગે છે તો તમે શું જવાબ આપો? જિંદગીની વ્યાખ્યા કરવી અઘરી છે. જિંદગી ક્યારેય એકસરખી રહેતી જ નથી. દરેક વ્યક્તિની જિંદગી જુદી અને અનોખી હોય છે. સાથે રહેતા લોકો પણ અલગ અલગ રીતે જિંદગી જીવતાં હોય છે. આદત, દાનત, ઇચ્છા, માન્યતા, ધારણા, ઇરાદા અને બીજું ઘણું બધું એકબીજાને અનોખાં સાબિત કરે છે. લાઇક માઇન્ડેડ અને સોલમેટની પણ થોડીક આદતો જ મળતી હોય છે. હન્ડ્રેડ પર્સન્ટ તો એ પણ સરખા નથી હોતા. સોલમેટ એટલે શું? સાચી વ્યાખ્યા ભલે ગમે તે કરાતી હોય પણ તેનો સરળ અર્થ એ છે કે, સોલમેટ એટલે બંને દ્વારા એકબીજાનો જેવા છે એવો જ સ્વીકાર. જે માણસમાં સ્વીકારની ભાવના છે એ બધી જગ્યાએ સ્વીકૃતિ પામતા હોય છે. અસ્વીકાર આવે ત્યાં જ વાંધો પેદા થાય છે. આવું થોડું હોય? આવું તે કંઇ થોડું ચાલે? આ વાત જરાયે વાજબી નથી! આપણને જે વાજબી ન લાગે તેને આપણે ગેરવાજબી ઠેરવી દઇએ છીએ. આપણે ક્યારેય એ નથી વિચારતા કે, જેમ મારી માન્યતાઓ છે એમ બીજાની પણ માન્યતા હોય છે. મારા ગમા–અણગમા હોય એમ બીજાની પણ પસંદ નાપસંદ હોય છે!

એક ફેમિલીની આ વાત છે. પરિવાર સુખી હતો. ઘરમાં દરેક સભ્યને પોતપોતાના રૂમ હતા. દીકરીનો રૂમ એકદમ અસ્તવ્યસ્ત હતો. તે એવું જ માનતી કે, ઘર આપણા માટે છે. આપણી મરજી મુજબ જ આપણે રહેવું જોઇએ. દીકરો એકદમ વ્યવસ્થિત રહેતો હતો. એનું બધું જ ગોઠવેલું હોય. મા ક્યારેક દીકરીના રૂમમાં જાય અને ક્યારેક દીકરાના રૂમમાં જાય. તેને સમજાય કે, આ બંને વચ્ચે આસમાન જમીનનો ભેદ છે. તે બેમાંથી ક્યારેય કોઈને કંઈ કહેતી નહીં. એક વખત પતિએ પત્નીને કહ્યું કે, તને દીકરીનું બધું અવ્યવસ્થિત જોઈને કંઇ નથી થતું? પત્નીએ પત્નીએ કહ્યું, ના. મને દીકરાનું બધું વ્યવસ્થિત જોઇને જો કંઇ થતું ન હોય તો દીકરીનું અવ્યવસ્થિત જોઇને પણ કંઇ ન થવું જોઇએ! આપણે આપણી માન્યતા મુજબ સારું કે ખરાબનું લેબલ મારી દેતા હોઈએ છીએ. સાચી વાત એ છે કે, એ બંનેની પોતાની જિંદગી છે. એણે જેમ જીવવી હોય એમ જીવે. મા–બાપ તરીકે આપણે એટલું જ જોવાનું હોય છે કે, એ ખોટા રસ્તે ન જાય. આપણે ઘણી વખત કોણે કેમ જીવવું જોઇએ એ પણ નક્કી કરી લેતા હોય છે. આપણી વ્યક્તિને આપણે આપણી રીતે જિવાડવી હોય છે, એની રીતે જીવવા

દેવી હોતી નથી! એના કારણે જ ઘણી વખત એક જ ઘરમા બે વ્યક્તિ અજાણ્યાની જેમ રહેતી હોય છે !

બધાની જિંદગી આપણે આપણી રીતે સેટ કરવી હોય છે. જે બીજાની જિંદગીમાં ચંચૂપાત કરતા રહે છે એ ક્યારેય પોતાની જિંદગી સારી રીતે જીવી શકતા નથી. માણસે પોતાની ચિંતા કરવાની હોય છે પણ એ બીજાની ફિકર જ કરતો રહે છે. એ પછી એવી વાત કરે છે કે, જિંદગી સેટ જ નથી થતી. જિંદગીની ગાડી પાટે જ નથી ચડતી. જિંદગીની ગાડી પાટે ન હોય તો સમજવું કે આપણે જ જિંદગીને આડે પાટે ચડાવી દીધી છે. જિંદગી પાસેથી એવી અપેક્ષા રાખી જ ન શકાય કે, એ સીધી લીટીમાં ચાલે. બધું જો સીધી લીટીમાં ચાલતું હોત તો કોઇએ કંઇ કરવાની કે સમજવાની જરૂર જ ક્યાં હોત! એક યુવાનની આ વાત છે. તેણે પોતાના મિત્રને કહ્યું કે, યાર ગમે તે કરું, જિંદગીની સેટ થતી જ નથી! માંડ માંડ એવું લાગે કે, હવે બધું સારું છે ત્યાં કંઇક એવું થાય છે કે બધું તિતરબિતર લાગે છે! આ વાત સાંભળીને તેના મિત્રએ કહ્યું કે, જિંદગીની એક ફ્રિકવન્સી હોય છે પણ એ રોજે રોજ બદલાતી રહે છે. માણસે જિંદગીની ફ્રિકવન્સી રોજ સેટ કરવી પડે છે. જિંદગી ક્યારેય માણસને એડજસ્ટ થતી નથી, માણસે જિંદગી સાથે અનુકૂળ થવું પડતું હોય છે. આજે આ પ્રોબ્લેમ છે તો એનો ઉકેલ શોધવાનો. કાલે બીજો ઇશ્યૂ છે તો એનું સોલ્યુશન શોધવાનું. જિંદગીની રિધમ તો જ જળવાઇ રહે જો દરેક ક્ષણે તેની સાથે તાલમેલ બેસાડતા આવડે. એક સંગીતકાર હતો. તે પોતાનો કાર્યક્રમ શરૂ કરે એ પહેલાં થોડોક સમય વાજિંત્ર સેટ કરે. તબલાંને નાનકડી હથોડીથી ફટકારે અને ચેક કરે કે બરાબર અવાજ આવ્યો? તબલાં પર પાઉડર લગાડે અને થાપ આપે. હવે બધું ઓકે છે એટલે ગાવા–વગાડવાનું શરૂ કરે. જિંદગીનું પણ આવું જ છે. જે સ્થિતિ હોય એને પહેલાં સેટ થવા દેવાની અને પછી જીવવાનું શરૂ કરવાનું!

એક માણસ સંત પાસે ગયો. તેણે કહ્યું, મને જીવવાની મજા જ આવતી નથી. કોઈ મને શાંતિથી જીવવા જ દેતું નથી. સંતે હસીને સામો સવાલ કર્યો કે, તું બધાને શાંતિથી જીવવા દે છે? તારી સાથે કોઇને મજા આવે છે? જો આપણી સાથે કોઇને મજા ન આવતી હોય તો સમજવું કે, આપણામાં કંઇક પ્રોબ્લેમ છે. જે માણસમાં પોતાનામાં કોઇ પ્રોબ્લેમ હોતો નથી એને બીજામાં કોઇ પ્રોબ્લેમ નજર પડતો નથી. ઘણા લોકોને માર્ક કરજો. એ બીજાની જ વાત કરતા હોય છે. આ આમ નથી કરતો અને પેલો તેમ કરતો નથી. કોઇના વિશે તો એ એવું પણ કહેતાં હોય છે કે, એને તો જિંદગી જીવતા જ નથી આવડતું? અરે ભાઈ, એને આવડશે એવી એની જિંદગી એ જીવશે, એને એની રીતે જીવવા દોને! આપણે કોઇએ કેવી રીતે જીવવું જોઇએ એ વિશે પણ છાતી ઠોકીને વાતો કરી નાખતા હોઇએ છીએ!

જિંદગી જરાયે અઘરી છે જ નહીં, આપણે જ તેને અઘરી બનાવી દેતા હોઇએ છીએ. એક અમીર માણસ હતો. તે બધા સાથે એડજસ્ટ થઇ જતો હતો. એક વખત તેને એક સાધુ મળ્યા. સાધુને કહ્યું કે, મને જિંદગી સામે કોઇ ફરિયાદ નથી. મને જિંદગી જીવવાની બહુ મજા આવે છે. સાધુએ કહ્યું, એનું કારણ એ છે કે, તું દરેક સ્થિતિનો સ્વીકાર કરે છે. તું ભલે સમૃદ્ધ રહ્યો પણ તારામાં એક સાધુ જીવે છે. સાધુ ફક્ત જંગલમાં ધૂણી ધખાવીને રહેવાથી જ નથી થવાતું. ઘણા સાધુ બંગલા અને મહેલોમાં પણ જીવતાં હોય છે. અંતે તો તમારી પ્રકૃતિ જ

તમને સાધુ કે શેતાન બનાવતી હોય છે. સાધુએ એક કિસ્સો કહ્યો. એક વખત હું જેલમાં કેદીઓને મળવા ગયો હતો. એક કેદી એકદમ શાંત અને સૌમ્ય હતો. મેં એને પૂછ્યું, બાકીના બધાના ચહેરા પર તણાવ છે, તું કેમ આટલો શાંત અને સ્વસ્થ દેખાય છે? તેણે કહ્યું, મારાથી એક ભૂલ થઈ હતી. એની સજા ભોગવું છે. મેં ભૂલનો અને સજાનો પણ મનથી સ્વીકાર કર્યો છે. મેં નક્કી કર્યું છે કે, હું ભલે જેલમાં રહ્યો પણ મારી અંદર મારે કોઇ જેલ બનાવવી નથી. જેલની બહાર જે માણસો છે એ બધા ભલે મુક્ત દેખાતા હોય પણ અંદરથી કોઇ ને કોઇ જેલમાં પુરાયેલા છે. હું જેલમાં પણ મુક્ત છું. આપણે બધાએ એ વિચારવાની જરૂર છે કે, હું મુક્ત છું ખરા? તમને જો જિંદગી જીવવા જેવી ન લાગતી હોય, તમને જો જિંદગી આકરી અને અઘરી લાગતી હોય તો માનજો કે, તમે મુક્ત નથી. તમે પોતે જ બનાવેલી કેદમાં છો અને એમાંથી છૂટી જ નથી શકતા. જિંદગી જીવવા માટે માણસે મુક્ત થવું પડે છે, પોતાની જડતાથી! તમે અંદરથી મુક્ત થશો એટલે બહારથી તો આપોઆપ મુક્તિ મળી જવાની છે. જિંદગી મુક્ત રીતે જીવો. પતંગિયાને પોતાની પાંખનો ભાર લાગતો નથી એટલે જ એ આનંદથી ઊડી શકે છે. આપણે તો જિંદગીને જ ભારે સમજી લઇએ છીએ અને એટલે જ જિંદગી સામે ફરિયાદો કરતા રહીએ છીએ. આ ઘડીએ નક્કી કરો કે, મારે દરેક ક્ષણ જીવવી છે અને કોઇ ગ્રંથિમાં બંધાવવું નથી. મારે બસ જીવવું છે. હા, એટલું યાદ રાખજો કે જીવવાની સાચી મજા પોતાના લોકો સાથે જ આવવાની છે. જિંદગી ચહેરા પર ઝળકવી જોઇએ. ચહેરા પરનો આનંદ જ એ વાતનો સૌથી મોટો પુરાવો છે કે, હું સજીવન છે, હું જિંદગી જીવી જાણું છું!

છેલ્લો સીન :

જિંદગીની એક કરુણતા એ પણ છે કે, એ જ્યારે થોડી થોડી સમજાવવા લાગે ત્યાં સુધીમાં તો અડધી જિંદગી પૂરી થઇ ગઇ હોય છે. જિંદગીની સમજ ઘણી વાર નથી પડતી એટલે જ આપણે એવું કહીએ છીએ કે, મને ખબર, અણસાર કે અંદાજ હોત તો હું આવું ન કરત! જિંદગી દર વખતે ઈશારા પણ  આપતી નથી !

સૌજન્ય : સંદેશ

---

## કર્મની ખેતી

### લેખકઃ પાર્થિવ નાણાવટી

મારા નાનકડા ગામડાની અંદર છેલ્લૈ ગાડીમાં બેસી મેં

પ્રવેશ કર્યો. સાથે હું વિચારી રહ્યો હતો જીવન એ કર્મની ખેતી છે જેવું વાવો તેવું લણો.

ગામમાં એક ટેકરી હતી જ્યાં એક ઘટાદાર ઝાડ અને ઝાડ નીચે બેચાર બાંકડા અને તેની બાજુમાં એક ગોળ ઓટલા ઉપર ભગવાની નાની દેરી. ત્યાં એક ચા અને નાસ્તાની લારી ઉભી રહેતી.

હું કારમાંથી નીચે ઉતર્યો. ગામડાની માટીને માથે ચઢાવી.

અમારા તૂટેલા ઝૂંપડા જેવા મકાન સામે જોઈ ભીની આંખે મારા ભૂતકાળની દુ:ખદ ક્ષણો હું યાદ કરી રહ્યો હતો.

થોડી વાર પછી મેં અમારા ખેતર સામે જોયું.

ખેતરની વચ્ચે  એક ઝાડ, અને એ ઝાડની નીચે મારા બાપ સાથે ગાળેલ આનંદની અનેક ક્ષણો પણ હું યાદ કરવા લાગ્યો. આ એ ઝાડ છે જ્યાં મારા બાપે ખેતીમાં દેવું વધી જવાથી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

માઁ નો પ્રેમ તો મેં જોયો જ ન હતો મારા જન્મની સાથે તેની કાયમી વિદાય. મેં કોટના ખિસ્સામાંથી  રૂમાલ કાઢી આંખ લૂછી...

મેં ટેકરી નીચે ઉભા રહી ઉપર નજર કરી.એજ બે ચાર બાંકડા, ચા નાસ્તાની લારી ઉભી હતી..

હું ધીરા પગલે ટેકરી ચઢવા લાગ્યો..એક એક ડગલે હું મારા ભૂતકાળમાં જઈ રહ્યો હતો..

પપ્પાની અચાનક વિદાયથી હું હિંમત હારી ગયો હતો.

ન આર્થિક કોઈ સપોર્ટ ન માનસિક, મારે જવું તો ક્યાં જવુ ? એ મારા માટે મોટો સવાલ હતો.

આ ટેકરી ઉપર આવનાર ઘણા લોકો મને કપડા અને  મારા દેખાવ ઉપરથી પાગલ ગણતા હતા. લગભગ આ ટેકરી એ મારુ જીવન અને આશ્રયસ્થાન બની ગયું હતું. કોઈ વખત રાત્રે બાંકડા ઉપર જ સુઈ જતો. દુ:ખે ધીરેધીરે આંસુ સાથે દોસ્તી કરી લીધી હતી. પેટને પણ ભુખ્યા રહેવાની આદત ધીરે ધીરે પડી ગઈ હતી.

ભગવાનની દેરી સામે જોઈ હું કહેતો, સજા કરવા પણ પ્રભુ તને હું જ મળ્યો. એટલી કસોટી પણ ન કરતો કે તારા અસ્તિત્વ ઉપર મને શંકા અને સવાલ થવા લાગે.

આવા વિપરીત સંજોગોમાં કોઈ આપણને સમજે કે લાગણી આપે એ વ્યક્તિ દેવદૂતથી કમ હોતા નથી.

આ ટેકરી ઉપર  રોજ ગોપાલકાકા ચા પીવા આવતા હતા.

તેમણે ચા નાસ્તાની લારી વાળાને કીધું હતું, આ છોકરાને દિવસમાં બે વખત ચા અને બે વખત નાસ્તો આપવો અને રૂપિયાનો હિસાબ તારે મારી સાથે કરી લેવો.

આજે એ ગોપલકાકાનું ઋણ ઉતારવા હું ૧૭ વર્ષ પછી મારા ગામમાં આવ્યો છું.

હું ધીરે પગલે ટેકરી ચઢી દેરીમાં બેઠેલા મહાદેવજીને બે હાથ જોડી માથું ટેકવી હસીને કહ્યુ, ભગવાન તારો જીગલો આવ્યો છે.

પછી હું બાંકડે બેઠો. ફરીથી દૂર દૂર નજર કરી પપ્પા અને મારા ખેતરને યાદ કરી રહ્યો હતો ત્યાં ચાની લારી ઉપરથી છોટુનો અવાજ આવ્યો સાહેબ ચા કે કોફી.

છોટુ પણ ઉંમરમાં મોટો થઇ ગયો હતો. એ મને ઓળખી ન શક્યો પણ હું તેને ઓળખતો હતો.

મેં કહ્યુ, છોટુ, એક ચા અને પ્લેટ નાસ્તો.

રૂપિયા ગોપલકાકાના હિસાબમાં લખી લેજે.

છોટુએ ઝીણી નજરથી મારી સામે જોયું તે વિચારવા લાગ્યો આ અજાણી વ્યક્તિ મારુ અને ગોપલકાકાનું નામ કેવી રીતે જાણે ?

એ દોડતો આવી મારા પગ પાસે બેસી ગયો અરે જીગાભાઈ તમે ? તમે તો ઓળખાતા નથી. બહુ મોટા સાહેબ બની ગયા છો ને.

મેં ભીની આંખે કીધું અરે છોટુ મારે ક્યાં સાહેબ બનવું હતું મારે તો મારા બાપનું ખેતર ખેડવું હતું પણ સંજોગોએ મને ખેડૂતમાંથી બિઝનેસમેન બનાવી દીધો.

છોટુની પણ આંખો ભીની થઇ ગઇ. તમારી તકલીફો, એકલતા અને આંસુઓનો હું સાક્ષી છું. બહુ કપરા દિવસો તમે પસાર કર્યા હતા.

છોટુ, ગોપલકાકા ગામમાં ક્યાંય દેખાતા નથી ઘરે તાળું છે. તેમનું ઋણ ઉતારવા અહીં હું આવ્યો છું. છોટુ બોલ્યો, ગોપલદાદા તો બહુ દુ:ખી છે દીકરાને રૂપિયા ખર્ચી શહેરમાં ભણાવ્યો. ત્યાં નોકરી સારી મળી ગયા પછી નથી રૂપિયા મોકલતો નથી કદી બાપને મળવા એ આવતો. છેલ્લે તેની માં ગુજરી ગઈ ત્યારે ગામડે આવ્યો હતો. ભગવાને તમને યોગ્ય સમયે મોકલ્યા છે. આપણા ગામના મંદિરમાં એક ઓરડી ગામવાળા એ દયા રાખી તેમને આપી છે.

મેં ઉભા થતા છોટુના હાથમાં એક બંધ કવર મૂક્યું અને કહ્યુ, છોટુ, ઉપકાર કે પ્રેમની કીંમત આંકવા માટે નથી મારી

લાયકાત કે નથી મારી હેસિયત કે નથી મારી પાસે શબ્દો

તેં પણ મારા ખરાબ સમયમાં તારાથી થતી મદદ મને કરેલ છે. વિપરીત સંજોગોમાં પણ તું મને ઈજ્જત અને માન આપતો હતો જે ખરેખર માનવતાનું કામ છે.

એક વખત તો હું ઠંડીની સીઝનમાં બાંકડા ઉપર સૂતો હતો ત્યારે ગરમ ધાબળો તેં મને ઓઢાડ્યો હતો. એ હજુ ભુલ્યો નથી. દોસ્ત, આ મારું કાર્ડ તારી પાસે રાખ. મુસીબત સમયે વિના સંકોચે મને ફોન કરજે, અથવા મળવા ચાલ્યો આવજે. ચાલ ફરી મળશું જયશ્રી કૃષ્ણ.

ફરીથી દેરીના ભગવાનને પગે લાગી કહ્યું, હું તને ભુલ્યો નથી. હવે અહીં દેરી નહિ અહીં તમારું મોટું મંદિર બનશે.મારી શ્રદ્ધા ડગી જાય તે પહેલાં મહાદેવજી તમે મારા જીવનનું નાવડું સંભાળી લીધું હતું.

હું ગામના મંદિર તરફ આગળ વધ્યો મંદિરના ખૂણામાં ઓરડીની અંદર જ્યારે મેં પ્રવેશ કર્યો ત્યારે ગોપાલકાકા ખાટલામાં બેઠા હતા .વર્ષો પહેલાની મારી એકાંતમાં દુર્દશા હતી તેવી તેમની હતી. ગોપલકાકાના ચ્હેરા ઉપર ઘડપણ દેખાતું હતું આંખે કાળા કુંડાળા, ગાલમાં ખાડા પડી ગયા હતા. મેં કહ્યું, જય શ્રી ક્રિષ્ન ગોપલકાકા

એ બોલ્યા આવ બેટા, મેં તને ઓળખ્યો નહિ. હું તેમને પગે લાગ્યો. મેં કહ્યુ, ઓળખીને શું કરશો કાકા ?

માણસને સમજવામાં મજા છે. એ ઓળખવામાં નથી.

વ્યક્તિને ઓળખી ગયા તો જીવવાની મજા નહિ આવે.

મેં કહ્યું, કાકા, હું તમારું ઋણ ઉતારવા આવ્યો છું.

હું જીગલો, જીગર.

અરે બેટા આવડો મોટો થઈ ગયો? અચાનક ગામ તરફ ભુલા પડવાનું કારણ.

કાકા ઋણાનુબંધ જે જગ્યા અને જે વ્યક્તિ સાથે લખ્યું હોય ત્યાં આપણે ખેંચાવું જ પડે. તમારા આ ઓરડીમાં રહેવાના દીવસો હવે પુરા થયા

હવે તમારે મારી સાથે મારા ઘરે આવવાનું છે.

બેટા એવું કેવી રીતે બને...?

મેં ભીની આંખે કહ્યું. એક દીકરાએ હાથ અને સાથ છોડ્યો તો ઈશ્વરે બીજા દીકરાને મોકલ્યો એવું ઇશ્વરી સંકેત સમજી લ્યો. કરેલા સત્કર્મ કદી નકામા જતા નથી કાકા, તમારા સત્કર્મની યાદી ભલે તમે ન રાખો પણ પ્રભુ હંમેશા તેની નોંધ કરે છે. કાકા તમે મારા ભુખ્યા પેટમાં વગર કોઈ અપેક્ષાએ અન્ન નાખવાનું પુણ્યનું કાર્ય એ કપરા સમયે કર્યું હતું. સમય ઈશ્વરે સારો આપ્યો હોય ત્યારે સત્કર્મ કરી લેવા.

કાકા બોલ્યા બેટા જે સંતાનો માટે જાત ઘસી નાખી તેને ભણાવવા રૂપિયા ખર્ચી નાખ્યા તે ઉપકાર ભૂલી ગયા અને મેં તારી મુસીબતના સમયે ફક્ત બે સમય તને ચા નાસ્તો કરાવ્યો એ ઉપકાર તેં આજના દિવસ સુધી યાદ રાખ્યો. ધન્ય છે બેટા.

મેં કહ્યું, ગોપલકાકા તમારો છોકરો શહેરમાં ક્યાં નોકરી કરે છે?

ગોપાલ કાકા એ ગાદલા નીચેથી વિઝીટીગ કાર્ડ કાઢી મને આપ્યું બેટા અહીં નોકરી કરે છે. એવું આપણા ગામના એક છોકરાએ મને કહ્યું હતું.

હું કાર્ડ જોઈ હસી પડ્યો, પણ હું કંઈ બોલ્યો નહિ..

હું અને ગોપાલકાકા કારમાં બેઠા. રસ્તામાં ગોપલકાકા કહે બેટા તું આવડો મોટો વ્યક્તિ કેવી રીતે બની ગયો..

કાકા એક રાત્રે આપણી ટેકરી ઉપર હું બાંકડે સૂતો હતો..

વહેલી સવારે ભગવાનની દેરીની અંદર પોટલું જોયું..મેં તે ખોલ્યું...તો અંદર પુષ્કળ સોનાના ઘરેણાં હતા.

મેં મહાદેવજી સામે જોયું. પોલીસને આપું કે હું રાખી લઉં એ ગડમથલમાં એક ઘરેણાંની ડબ્બીમાંથી ખરીદીનું બિલ નીકળ્યું તેમાં મોબાઈલ નંબર હતો અને ખરીદનારનું નામ પણ હતું. આ પોટલાંનો સાચો માલિક મને મળી ગયો.

ગરીબી હતી પણ ઈમાનદારી લોહીમાં વહેતી હતી.

મેં ફોન કરી વિગતે વાત કરી ત્યારે ખબર પડી. તેમના ઘરે ચોરી થઈ હતી. હું સમજી ગયો ચોરની પાછળ પોલીસ પડી હશે એટલે ચોર પોટલું ડેરીમાં મૂકી ભાગી ગયો હશે.

બીજે દિવસે જ્યારે પોટલીના માલિકના ઘરે હું ગયો ત્યારે તેમનું હવેલી જેવડુ ઘર જોઈ મને ચક્કર આવી ગયા. તેમણે મને આવકાર્યો અને કહ્યું તમારા ચહેરા ઉપરથી તમે દુ:ખી અને જરૂરિયાતવાળા લાગો છો. છતાં પણ તમારા ચહેરા ઉપર સ્વમાન અને ઈમાનદારીનું તેજ દેખાય છે.આ ઘરેણાંની કિંમત કરોડ રૂપિયા ઉપર થાય છે..

બેટા...તારું નામ

જીગર...

મારી કંપની માં તારા જેવા યુવાનની જરૂર છે નોકરી કરીશ.?

મેં હા પાડી...

મારા ઋણાનુબંધ એ પરિવાર સાથે જોડાયા હશે. તેમને કોઈ સંતાન ન હતું. તેથી ધીરે ધીરે તેમની કંપનીમાં મને મેનેજર, પછી પાર્ટનર બનાવ્યો. આજે મેં મહેનત ઈમાનદારી ઉપર

કરોડો રૂપિયાનું સામ્રાજ્ય ઉભું કર્યું છે. અને ગોપાલકાકા મહાદેવજીની કમાલ તો જુઓ,

આ પરિવાર નિ:સંતાન હોવાથી તેમની ગેરહાજરીમાં તેમની તમામ મિલ્કતોનો હકદાર તેમણે મને બનાવ્યો હતો

આજે તો તે લોકો હયાત નથી. તેથી તેમની તમામ સંપત્તિનો એક માત્ર હું વારસદાર છુ.

ગોપલકાકા બોલ્યા, બેટા જન્મ આપે જનેતા અને ભાગ્ય લખે કોઈ. ભગવાને તારી જીંદગીમાં ટર્નીંગપોઇન્ટ લાવવા ચોરને તો માત્ર નિમિત બનાવ્યો.

વાત સાચી કાકા . પણ તમે જે કાર્ડ મને બતાવ્યું એ મારી કંપનીનું છે. મતલબ તમારો છોકરો મારી કંપનીમાં નોકરી કરે છે..

ગોપલદાદા બોલ્યા બેટા તેને નોકરીમાં તકલીફ તો હવે નહીં પડે ને?

માં બાપ કોને કિધા.. જે વિપરીત સંજોગોમાં પણ પોતાના બાળકનું અહિત ન ઈચ્છે.

ના, કોઈ તકલીફ નહિ પડે પણ ઠપકો તો મળશે જ.

બીજે દિવસે ગોપલકાકાને બરાબર તૈયાર કરી મારી ફેક્ટરી જોવા હું લઈ ગયો, અને ચેમ્બરમાં તેના દીકરા દીપેનને બોલાવ્યો. ત્યારે એ ગોપલકાકાને સોફામાં બેઠેલ જોઈ ભડક્યો, અને કહે તમે અહીં પણ મારો પીછો નથી છોડ્યો.

દીપેન કહે તમે આમની કોઈ વાત માનતા નહિ.

મેં કહ્યું, કોણ છે એ વ્યક્તિ?

મારા ફાધર છે, દીપેન બોલ્યો.

મેં કહ્યું, મારા બાપતુલ્ય છે. એટલે પ્રથમ બોલવામાં સભ્યતા રાખજે. એ હવેથી તારા ઘરે નહીં, મારા ઘરે રહેવાના છે.

હવે દીપેન નીચું માથું કરી શરમાઈ ગયો.

મેં કહ્યું, ઘણી વખત સંતાનો માં બાપને ઓળખવાની ભૂલ કરે છે ભૂલ જ્યારે સમજાય છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.. હું મા બાપ વગરનો છું. શ્વાસે શ્વાસે મારા માં બાપને યાદ કરતો હોઉં છું..જેને માં બાપ છે તેને કિંમત નથી. તારા બાપાએ પારકાને પોતાના બનાવ્યા, અને તેં પોતાનાને પારકા ગણ્યા? હું તો ખેડુતનો છોકરો છું. એટલું જાણું, કર્મની ખેતી કરતી વખતે ધ્યાન રાખજો જેવું બિયારણ વાવશો તેવો જ ફાલ ઉતરશે..

તારે સંતાન છે ?

હા છે, નીચી મૂંડી કરી દીપેન બોલ્યો..

તો તું પણ તૈયારી કરજે..સમય દરેક વ્યક્તિને તેના કર્મનો યોગ્ય સમયે જવાબ આપે જ છે.

મેં કાર મા મારુ અધૂરું છોડલ રફીનું ગીત ફરી ચાલુ કર્યું

*मायूस न हो हार के तकदीर की बाजी,*
*प्यारा है गम जिस मे भगवान भी राजी ।*
*दुख दर्द मिले वोही प्यार अमर है,*
*यह सोच ले हर बात की दाता को खबर है ।।*
*दुख दे के जो दुखिया से ना इन्साफ करेगा,*

*भगवान भी उसको ना कभी माफ़ करेगा*
*यह सोच ले हर बात की दाता को ख़बर है ।।*
*हिम्मत है तो आजा यह भलाई की डगर है ।।*
*इन्साफ का मन्दिर है यह, भगवान का घर है ।*

**મિત્રો**
**બાવળ વાવી કેરીની પ્રતીક્ષા કરવી મૂર્ખામી છે.**
**લાખો કમાતા હો ભલે, મા બાપ જેથી ના ઠર્યા.**
**એ લાખ નહિં પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ.**
**ધન ખરચતાં મળશે બધું, માતા પિતા મળશે નહિ.**
**પલ પલ પુનિત એ ચરણની, ચાહના ભૂલશો નહિ.**

---

## બોધકથા: પ્રાર્થનાની શક્તિ

### આલેખન – સંકલન: વિનોદભાઇ માછી નિરંકારી

એક દિકરીએ એક સંતને વિનંતી કરી કે આપ અમારા ઘેર પધારો અને મારા વૃદ્ધ બિમાર પિતાને મળી તેમના માટે પ્રાર્થના કરો કેમકે મારા પિતાજી પથારીવશ હોવાથી પલંગ ઉપરથી ઉઠી શકતા નથી. સંતે દિકરીની વિનંતી સ્વીકારી તેના ઘેર આવે છે ત્યારે તેના પિતા પલંગ ઉપર બે તકીયા મુકીને સૂઇ રહ્યા હતા અને તેમની સામે એક ખાલી ખુરશી પડી હતી.સંતે આવીને પુછ્યું કે આપ મારા આવવાની જ રાહ જોઇ રહ્યા હતા? ત્યારે પિતાજી ના પાડે છે અને કહે છે કે આપ કોણ છો? સંતે પોતાનો પરીચય આપ્યો અને પુછ્યું કે તમારી સામે પડેલ ખાલી ખુરશી જોઇને મને લાગ્યું કે આપ મારી રાહ જોઇ રહ્યા છો.

પિતાજી કહે છે કે એવી વાત નથી.આપને ખોટું ના લાગે તો કૃપા કરીને મારા રૂમના દરવાજો બંધ કરી દો. સંતને પિતાજીની વાત સાંભળીને નવાઇ લાગે છે તેમછતાં દરવાજો બંધ કરે છે ત્યારે પિતાજી કહે છે કે ખરેખર આ ખાલી ખુરશીનું રહસ્ય મેં આજસુધી મારી દિકરી કે અન્ય કોઇને કહ્યું નથી. સમગ્ર જીવન દરમ્યાન મને એ વાતની ખબર નથી પડી કે પ્રાર્થના કેવી રીતે કરી શકાય? મંદિર જતો હતો ત્યાં પૂજારી શ્લોક સંભળાવતા હતા જે મને સમજમાં આવતા ન હતા એટલે મેં પ્રાર્થના કરવાનું જ બંધ કરી દીધું છે.

આજથી ચાર વર્ષ પહેલાં મારો એક મિત્ર મને મળે છે અને કહે છે કે પ્રાર્થના એ બીજું કંઇ નહી પરંતુ ભગવાનની સાથે સીધો સંવાદ હોય છે, તેને મને સલાહ આપી કે એક ખાલી ખુરશી તમારી સામે રાખો અને વિશ્વાસ કરો કે તે ખુરશી ઉપર ભગવાન પોતે વિરાજમાન છે અને જેમ મારી સાથે વાતો કરો છો તેવી જ રીતે ભગવાનની સાથે વાત કરવાની શરૂ કરો. મિત્રના કહ્યા અનુસાર મેં પ્રત્યક્ષ અનુભવ કરીને જોયો તો મને સારૂં લાગે છે અને હું દરરોજ બે કલાક મારી દિકરીને ખબર ના પડે તે રીતે આમ કરૂં છું.મારી દિકરીને ખબર પડે તો તે પરેશાન થાય અને મને કોઇ મનોચિકિત્સક પાસે લઇ જાય.

પિતાજીની વાતો સાંભળીને સંતે આ વડીલના માટે પ્રાર્થના કરી, તેમના માથા ઉપર હાથ મુકીને તેઓ જે રીતે ભગવાનની સાથે વાતચીત કરતા હતા તે ચાલુ રાખવાનું કહે છે. સંતને

અન્ય કાર્યક્રમ માટે બે દિવસ માટે બહાર જવાનું હોવાથી વડીલથી વિદાય લે છે. બે દિવસ બાદ સંતની ઉપર દિકરીનો ફોન આવે છે કે આપ આવ્યા તે દિવસે આપના ગયા પછી કેટલાક કલાક પછી પિતાજીનું દેહાંત થયું છે. સંત પુછે છે કે મૃત્યુના સમયે પિતાજીને કોઇ તકલીફ નથી પડીને? ત્યારે દિકરી જવાબ આપે છે કે હું જ્યારે કામ અર્થે બહાર જઇ રહી હતી ત્યારે મને નજીક બોલાવે છે, મારા માથા ઉપર હાથ ફેરવે છે તે સમયે તેમના ચહેરા ઉપર શાંતિ હતી. જ્યારે હું પરત આવી ત્યારે તેમને હંમેશના માટે આંખો બંધ કરી દીધી હતી પરંતુ મેં એક નવાઇ જોઇ કે પિતાજી એવી મુદ્રામાં હતા કે જેમ કોઇએ ખાલી ખુરશી ઉપર પોતાની ગોદમાં તેમનું મસ્તક ઝુકાવેલું હતું. સંતજી..તે શું કહેવાય?

દિકરીની વાત સાંભળીને સંતના મનમાં શ્રદ્ધા સુમન વહેવા લાગ્યા.સંતે કહ્યું કે બેટી..તમારા પિતાજીનું મૃત્યુ ભગવાનના ખોળામાં થયું છે. તેમનો સીધો સબંધ ભગવાન સાથે હતો. તેમની સામે જે ખાલી ખુરશી હતી તેના ઉપર ભગવાન બેસતા હતા અને પિતાજી સાથે વાતો કરતા હતા. પિતાજીની પ્રાર્થનામાં એવી શક્તિ હતી કે ભગવાનને તેમની સામે આવવું પડતું હતું.

સદગુરૂ કૃપાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ્યારે કણ કણમાં એટલે કે સાકાર જગતમાં પ્રભુ દર્શન થવા લાગે છે ત્યારે તે વિજ્ઞાન કહેવાય છે અને ત્યારબાદ ભક્ત પ્રાર્થના કરે છે કે હે ! નિરાકાર વિશ્વરૂપ પ્રભુ ! કણ કણમાં તારી સૂરત, પાન પાન ઉપર તારૂં નામ અને વિશ્વમાં ચારો તરફ ઉપર નીચે સર્વત્ર તમારી જ આકૃતિઓ જોઇ રહ્યો છું. ચંદનમાં સુગંધ,ગંગામાં નિર્મળતા, સૂરજમાં તેજ અને ચંદ્રમામાં શિતળતા તું જ છે, તું જ ફુલોમાં સૌદર્ય છે, કળીઓમાં કોમળતા છે, બુધ્ધિમાનોની બુધ્ધિ છે તથા વિશ્વની તમામ કલા કૌશલતામાં તું વિરાજમાન છે, તું જ બ્રહ્મરૂપ ગુરૂના રૂપમાં મુજ શિષ્યીને જ્ઞાન, ભાષા અને સંતત્વ પ્રદાન કરે છે.

ઉપાસના વિશે ગુરૂદેવ પ્રાર્થના કરે છે કે...

હે પ્રભુ ! આપ અરૂપ.. અરંગ અને રેખાહીન છો. ઇન્દ્રિયાતિત.. મન અને બુદ્ધિથી પર(અગોચર) છો. આપ અથાહ અને અનંત છો.. સમ્રાટોના સમ્રાટ છો.. આદિકાળથી અનાદિ અને સર્વવ્યાપી છો. પ્રત્યેક યુગમાં પાપીઓના ઉદ્ધાર કરનાર(પતિતપાવન) અને સ્વયમ્ જ નામી(પરમ પદાર્થ) છો. હે જીવ જંતુઓના પાલનકર્તા પ્રાણાધાર ! હું તમોને લાખ લાખ પ્રણામ કરૂં છું. તમે જ મારા રક્ષક અને આધાર છો. મારા તન મન ધન તમોને સમર્પિત કરૂં છું. હે હે દાતા ! કૃપા કરો કે હું દિવસ રાત દરેક સમયે તમારા ગુણગાન ગાતો રહું. તમારા આદેશથી બહાર કોઇ કાંઇ કરી શકતું નથી. આપ જે ઇચ્છો છો તેમજ થાય છે. આપના સંકલ્પમાત્રથી સૃષ્ટિનાં તમામ કાર્ય થાય છે. પ્રભુ અને તેમના સ્વરૂપનો અનુભવ દરેક જ્ઞાની ભક્તોને દરેક સમયે એક સરખો જ થયો છે કારણ કે પ્રભુ પરમાત્મા એક અપરિવર્તનશીલ અને હંમેશાં એકરસ રહેવાવાળા છે.

દિલથી પ્રાર્થના કરીએ તો માંગેલું બધું જ મળી જાય છે, ફૂલોના છોડને રોજ પાણી મળતું રહે તો કળી પણ ફૂલ બની જાય છે, વાણી અને વર્તનમાં જો મીઠાશ હોય તો દુશ્મન પણ નમી જાય છે, દિલમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો ભગવાન પણ મળી જાય છે. માંગવું અને મરવું બરાબર છે, બીજી તરફ માંગ્યા વિના તો માં પણ ના પિરસે.. આ બે વિરોધાભાસી વાતો છે. મને આટલું આપો એવી ભાવનાથી વારંવાર માંગણી કરવી તેને પ્રાર્થના કહેવાય, પ્રભુ તો

દયાળુ છે. જેમ પુત્રની ચિંતા તેના પિતાને થાય છે તેમ આપણી ચિંતા જગતના પિતા પરમેશ્વરને થાય પરંતુ પુત્રને શું આપવું? ક્યારે આપવું? કેટલું આપવું? તે માતાપિતા જાણતાં હોય છે તેમ પ્રભુ પણ આપણી લાયકાત પ્રમાણે વગર માગે આપતા જ હોય છે તેમજ પ્રભુ સર્વજ્ઞ છે, આપણને શાની જરૂર છે તે તેઓ બરાબર જાણે છે. ભગવાન આપણને આપણી જરૂરીયાત અને લાયકાત પ્રમાણે આપ્યા કરે છે, આપણે ધીરજ રાખવી જોઈએ અને પ્રભુ ઉપર સંપૂર્ણ શ્રધ્ધા રાખવાની જરૂર છે. પ્રભુ જે કંઈ કરશે તે આપણા હિત માટે જ કરે છે. સુદામાએ માગ્યું નહીં તો દ્વારકા જેવી સમૃદ્ધિ મળી. સદગુરૂ પાસેથી જ્ઞાન લેતાં પહેલાં તેમને તન-મન અને ધનનું સમર્પણ કરીએ છીએ. તેથી સમર્પણ કરેલ વસ્તુ આપણાથી માગી ન શકાય.

જીવનનું મૂળભૂત મહત્વનું ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે એ તો અત્યાર સુધીની વિચારણા પરથી સમજાઇ ગયું પરંતુ એ પરમાત્માની પ્રાપ્તિ થાય કેવી રીતે?

અહંતા-મમતા,મોહ વગેરે અવિદ્યા-માયાના આવરણથી પરમાત્માનું સ્વરૂપ ઢંકાયેલું છે. અવિદ્યાના અતિગાઢ આવરણને દૂર કરવા માટે પરમાત્માની પ્રેમપૂર્ણ પ્રાર્થના સિવાય બીજો માર્ગ જ નથી.

સાધક જપ કરે છે, તપ કરે છે, સ્વાધ્યાય તથા તીર્થાટન અને અન્ય અનેક સાધનોનો અથવા અભ્યાસક્રમોનો આધાર લે છે તો પણ છેવટે સમજે છે કે પોતાની વ્યક્તિગત શક્તિ અથવા યોગ્યતાથી એ પરમાત્માની પ્રાપ્તિ થઇ શક્તિ નથી. અસહાય બનીને આખરે એ પ્રાર્થનાનો આધાર લે છે અને પ્રાર્થના ઉત્કટ બનતાં આખરે એને પરમાત્માની પરમ શક્તિની મદદ મળે છે એને લીધે અવિદ્યાના આવરણમાંથી મુક્તિ મેળવીને એ પરમાત્માની પાસે સહેલાઇથી પહોંચી શકે છે એનું જીવન પરમાત્માના સાક્ષાત્કારથી સાર્થક બને છે.

પ્રાર્થનાની શક્યતા કે શક્તિ કેટલી બધી અપરિમીત છે એનો ખ્યાલ પ્રાર્થનાના એ ઉદગારો પરથી સહેલાઇથી આવી શકે છે. પ્રાર્થના જીવનો શિવ સાથે સંબધ કરાવનાર સેતુ છે અને એનો ઉપયોગ એવી રીતે કરવામાં આવે એમાં એની સફળતા સમાયેલી છે. પ્રાર્થનાનો આધાર આત્મવિકાસને માટે અથવા અન્યની સુખાકારી, શાંતિ તથા ઉન્નતિ માટે લેવાય એ આવશ્યક છે એમાં જ એની શોભા છે.

જ્યારે પણ ભગવાનને યાદ કરીએ, નામ સ્મરણ કરીએ ત્યારે એવું ન વિચારવું કે ભગવાન મારી પ્રાર્થના સાંભળે છે કે નહી? જે સાચા દિલથી પ્રભુને યાદ કરે છે તેમની પ્રાર્થના ભગવાન અવશ્ય સાંભળે છે. સાચા દિલથી કરેલી પ્રાર્થના કદી વ્યર્થ નથી જતી. પ્રાર્થના જીવનનું એક જબરદસ્ત બળ છે. વિષમ પરિસ્થિતિમાં મૂકાયેલા, શોકમાં ડૂબેલા, હતાશ,પોતાને અસહાય અને અંધકારમાં ખોવાયેલા અનુભવતા મનુષ્યને, સાચા ઊંડા ભાવથી કરેલી પ્રાર્થના તેની સ્થિતિમાંથી ઊંચકી લઈ એક મહાન ચૈતન્ય સાથે તેનો સંબંધ જોડી આપે છે.

પ્રાર્થના મનની શુદ્ધિ, આત્માનો આનંદ અને જીવનનો આધાર છે. પ્રાર્થના સર્વશક્તિમાન પરમાત્મા પાસેથી શક્તિ પ્રાપ્ત કરવાનું માધ્યમ છે. પ્રાર્થના નિર્બળનું બળ, નિરાધારનો સહારો અને અમારા મૂળ સાથે જોડવાનો પ્રયત્ન છે. જ્યાંથી અમારી બુદ્ધિની સીમા પુરી થાય છે ત્યાંથી પ્રાર્થનાની હદ શરૂ થાય છે. જ્યારે અમારી આયોજન કરેલી યોજનાઓ અસફળ થાય છે, અમારી બુદ્ધિ હાર સ્વીકારી લે છે ત્યારે અમે તે અસિમ શક્તિ પરમાત્માને યાદ કરીએ છીએ,

આ હૃદયના પોકારને પ્રાર્થના કહે છે. આ અસિમ શક્તિને ગમે તે નામથી પોકાર કરવામાં આવે તે તમામની પ્રાર્થના સાંભળે છે.

પ્રાર્થના સામાન્ય માનવ પણ કરે છે અને બ્રહ્મજ્ઞાની સંતો પણ કરે છે. સામાન્ય માનવ વિવશ હોય ત્યારે પોતાના દુ:ખ દર્દને દૂર કરવા જેને તે જાણતો નથી તેવી શક્તિ જેને પરમાત્મા કહે છે તેમને પ્રાર્થના કરે છે અને તેને વિશ્વાસ હોય છે કે પ્રભુ તેનું દુ:ખ દૂર કરશે. બ્રહ્મજ્ઞાની પણ શ્વાસે શ્વાસે તેના જીવનમાં સુખ–દુ:ખ, હર્ષ–શોક ગમે તેવી પરીસ્થિતિ હોય તેમછતાં પ્રભુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

સૌજન્ય: યુગાન્તર

## ખાનદાની ક્યાંથી પ્રગટે.. ?

–ડો ગિરીશ ગણાત્રા

નંદુને જો કોઈ પૂછે કે 'અલી, અમારા ઘરનું કામ બાંધીશ ?'

તો એ ચોખ્ખીચણાક ના પાડી દેતી. એ કહેતી : 'ના બોન, એ ઘરનાં કામ બસ છે. એમાંય વસંતભાઈ શેઠના ઘરનું કામ તો પોણો દી પહોંચે એટલું છે. સેંથકનાં કામ બાંધીને પછેં બધાયને નારાજ કરવા કરતાં આ બે કામ બસ છે, ને મારે આમેય ઘરમાં ખાવાવાળાંયે કેટલાં ? હું ને મારો ધણી. પછેં કમાઈ કમાઈને કમાવું કેટલું ? ના રે બા, આ બે કામ બસ છેપ..'

'પણ નંદુ, આ વસંતભાઈના ઘરનું કામ તને ફાવે છે ?' કોઈ પૂછતું.

'કેમ ના ફાવે ? જોકે કામ ઝાઝું છે પણ પહોંચી વળું છું. પરમાણમાં પગારેય એવો દે છે ને !'

'પગાર તો જાણે સમજ્યા. કામ પ્રમાણે પગાર તો મળે. પણ એ વસંતભાઈની ઘરવાળી, એટલે કે તારી રીટા શેઠાણીનો જીભડો કેવડો મોટો છે ! આખો દહાડો કચ ને કચ. તે એવી કાતર જેવી જીભથી શા માટે સોરાય છે ?' બીજું કોઈ વળી વસંતભાઈની ઘરવાળીની ધારદાર જીભનું વિવરણ કરતું.

'આપણે તો બેન, કામ જોડે મતલબ. બધાંય કામ ચોખ્ખાંચણાક કરીને દઉં છું, હાં ! પછેં બોલવાવાળાને કોઈ રોકી શકતું નથી ને ન બોલવાવાળાના મોમાં આંગળાં નાખીને કોઈ બોલાવી શકતું નથી.

જો કે કામનું પૂછવાવાળાને મોઢે આટલું નંદુ બોલી એય એક આશ્ચર્ય ગણાય, નહિતર નંદુ કોઈને મોઢું આપે નહિ ! એના જવાબો બનતા સુધી ટૂંકાક્ષરી. એમાંયે પરાણે પરાણે કોઈ જવાબ માગે તો એ બનતાં સુધી 'હા', 'ના', 'બરાબર', 'ઠીક' જેવા ટૂંકાક્ષરી જવાબો આપી સવાલને ટાળતી, નહિતર એ મોઢું જ સીવી લેતી. નંદુનું આ ઓછું બોલવાપણું જ એનું ક્વોલિફિકેશન ગણાતું. જે ઘરમાં એ કામ કરતી, એ ઘરની કોઈ વાત એના મોં દ્વારા બહાર પહોંચી શકતી જ નહીં.

નંદુનું બીજું ક્વોલિફિકેશન તે એનું ચોખ્ખું અને વ્યવસ્થિત કામ. એના કામમાં પૂછવાપણું રહેતું જ નહિ. ઘરનાં કામ એક પછી એક એવી રીતે આટોપતી જતી કે કોઈને બોલવાપણું રહેતું જ નહિ. ખૂણેખાંચરેથી એવી રીતે કચરો કાઢે કે ક્યાંય જરા જેટલી ધૂળ શોધી, એની

ધૂળ કાઢવાનું કોઈ કહી શકતું નહિ. કપડાં એવાં ઘસી ઘસીને ધોતી કે કદાચ આટલી કાળજી તો ધોબીયે નહિ લેતો હોય. વાસણ માંજી, એને નિતારી, કપડાથી સાફ કરીને પાછાં મૂળ જગાએ એવી રીતે ગોઠવી દેતી કે કોઈને કહેવાપણું રહેતું નહિ. રાતનું રસોડું પતે પછી કેટલી શેઠાણી તો નંદુને 'ઢાંકોઢુંબો કરી દેજે' કહીને વર જોડે ફરવાયે ચાલી નીકળતી. નંદુનો ભરોસો લાખ રૂપિયાનો.

નંદુ વસંતભાઈને ત્યાં છેલ્લા દોઢેક વરસથી કામ કરતી. સવારના સાડા નવનો ટકોરો પડે કે વસંતભાઈની બંગલીનો ઝાંપો ખૂલ્યો જ હોય અને નંદુએ પ્રવેશ કર્યો જ હોય ! નંદુ ઘડિયાળના કાંટે કામ કરતી. ઘરમાં પ્રવેશતાં જ એ ઝાડુ હાથમાં લેતી. આખી બંગલીનો કચરો વાળી, પછી એ પોતાં કરવા લાગી જતી. ઘસીને પોતાં કરી એ કપડાં ધોવા બેસતી. ઘસી ઘસીને કપડાં ધોઈ, બંગલીની અગાસીમાં એને ચાંપ–ચીપિયામાં ભરાવી વ્યવસ્થિત રીતે સૂકવી દેતી. એ પછી રીટા શેઠાણી પાસેથી ચીજવસ્તુઓનું લિસ્ટ અને પૈસા લઈ બજારમાં ખરીદ કરવા જતી. એ પછી ઘરનું નાનું મોટું કામ પતાવી, વાસણ માંજતી. વસંતભાઈના ઘરનું બધું કામ પતાવી બપોરે એક વાગ્યે બીજા ઘેર કામે જતી અને પછી ત્યાંથી સીધી પોતને ઘેર. સાંજના સાડા છએ કામનો બીજો દૌર આરંભ થતો તે રાતના સાડા નવ સુધી ચાલતો. વરસના ત્રણસો પાંસઠ દિવસ નંદુની આ રફતાર રહેતી. ન ક્યારેય કામમાં ખાડો પાડતી કે ન ક્યારેય એ રજા લેતી. તહેવારોના દિવસેય નંદુ કામ પર હાજર હોય. નંદુનું આ ત્રીજું ક્વોલિફિકેશન. એ એટલું જોરદાર હતું કે સૌ કોઈ ઈચ્છતા, નંદુ અમારે ઘેર કામ કરતી હોય તો કેવું સારું.

નંદુએ જે બે ઘરોનું કામ બાંધેલું, એમાં એક વસંતભાઈના ઘરનું કામ હતું. જિંદગીના ત્રણસો પાંસઠેય દિવસ જે ઘર સાથે એના તાર વણાયેલા રહેતા એ ઘર પણ આપણે એક નજર કરી લઈએ – વસંતભાઈ આમ તો સાવ સામાન્ય કુટુંબના. લગભગ ગરીબ ગણાય એવા ઘરમાં એ જન્મ્યા અને ભણ્યા. ભણવામાં એ એટલા તેજસ્વી હતા કે એક ટ્રસ્ટની સ્કોલરશિપ લઈને એ પરદેશ ભણવા પણ ગયા. એમની પત્ની રીટા ગભશ્રીમંત કુટુંબની. ત્રણ–ત્રણ પુત્રો પછી જન્મેલી રીટા સૌને માટે રમકડા સમાન હતી. માતાએ, પિતાએ, ત્રણેય ભાઈઓએ અને નોકરચાકરોએ એને એવી લાડકોડમાં ઉછેરી ફટવી મારી હતી કે એ કોઈ ઉચ્ચ ખાનદાન કુટુંબમાં તો સચવાય એવી હતી જ નહિ. ગુમાનનો અંચળો ઓઢીને ફરતી રીટા કોઈ ગરીબ–રાંકડા સ્વભાવનાં કુટુંબોમાં જળવાઈ જાય એ ગણતરીથી એના પિતાએ આવા રાંક સ્વભાવના છોકરાની શોધ ચલાવી અને એ પરિપૂર્ણ થઈ વસંતભાઈ પાસે. વસંતભાઈ જેવા પરદેશથી પાછા ફર્યા કે પ્રાણજીવનદાસ શેઠે, એટલે કે રીટાના પપ્પાએ, એમને 'ઝડપી લીધા', વસંતભાઈને એમણે એક ફેક્ટરી કરી આપી અને રહેવા માટે નાનકડો બંગલો પણ બાંધી આપ્યો. પુત્રીના સુખ, સંતોષ, શોખ, ગુમાન અને માનપાન ખાતર પિતાએ એને ઘણું ઘણું આપ્યું, પણ જો સૌથી કોઈ ખાસ ચીજવસ્તુ આપી હોય તો એ આ નંદુ હતી. નંદુ આમ તો પ્રાણજીવન શેઠને બંગલે કામ કરતી. પ્રાણજીવન શેઠનાં પત્ની સદાયે માંદાં રહેતાં એટલે એમની ચાકરી માટે ને ઘરનાં બીજા પરચૂરણ કામ માટે નંદુને રાખી હતી. ઘરમાં બીજા ઘણાયે નોકરો હતા, પણ નંદુનાં કામ, કામની ચીવટ, પ્રામાણિકતા અને નીતિ માટે શેઠને ઘણું માન હતું. એટલે રીટા, જ્યારે વસંતભાઈને પરણી ત્યારે રીટાને ઘરગૃહસ્થી શીખવવા અને એને 'જાળવી લેવા' માટે

પ્રાણજીવનશેઠે એને દીકરીના બંગલે કામ કરવા રખાવી દીધી. જોકે હુતો–હુતીના ઘરમાં એટલું બધું કામ ન હોય એટલે એને એક બીજું નાનકડું કામ રાખી લેવા છૂટ આપી હતી. પોતાના જ પિયરની કામવાળી પોતાને ત્યાં કામે રહી એટલે રીટાના રોફ–રુવાબ તો એના એ રહ્યા. નંદુ પણ આ નાનાં 'બેનબા'ના સ્વભાવથી પરિચિત હતી, એટલે કશું બોલ્યા વિના એ વસંતભાઈને બંગલે કામે આવતી રહી.

ગભશ્રીમંત કુટુંબમાં જન્મેલી રીટાને ગળથૂથીથી જ એક પાઠ એ શીખવા મળ્યો હતો કે નોકરચાકરને બહુ ફટવવાં નહિ. નોકરો પર તો ફડાકો રાખવો જ સારો, નહિતર એ જાત ફાટીને ધુમાડે જ ચડી જાય. અને એટલે જ, નાનપણમાં ભણેલો આ પદાર્થ પાઠ, રીટા નંદુ પર પણ અજમાવતી. નંદુના કામથી એને ખૂબ ખૂબ સંતોષ હતો છતાંયે હાલતાંચાલતાં એ ફણીધર નાગના ફૂંફાડા જેવો ફૂંફાડો માર્યે જ રાખતી.

એક દિવસ બપોરે ઘરનાં તમામ કામકાજ પતાવી નંદુ રીટાશેઠાણીના બેડરૂમના ઉઘાડા બારણા પાસે આવી ધીરેથી બોલી –

'બેનબાપ.'

'શું છે ?' પથારીમાં આડાં પડીને કોઈ ફેશન મેગેઝીનનાં પાનાં ઉથલાવતી રીટાએ ઘાંટો પાડ્યો.

'બે દિવસની રજા જોઈએ છે.'

'નહીં મળે.' મેગેઝીનના પાના પરથી નજર ઉઠાવ્યા વિના જ અરજનો અસ્વીકાર કરતાં રીટા બોલી.

નંદુ કશું બોલી નહિ, એ બારણા પાસે જ ઊભી રહી.

'ના પાડીને કે રજા–બજા ન મળે.' રીટા જાણતી હતી કે છેલ્લા દોઢ વરસમાં નંદુએ એકેય રજા નહોતી લીધી છતાંયે સંસ્કારો મુજબ રજા આપવાની ના પાડી દીધી અને બોલી –

'શાની રજા જોઈએ છે ?'

'કામ છે.' નીચી નજર રાખીને નંદુએ કહ્યું.

'શું કામ છે ?'

'ખાસ કામ વિના રજા માગતી હોઈશ, બેન ? આજ આટલા દિવસોમાં ક્યારેય રજા માગી છે ? આજે ખાસ જરૂર છે એટલે બોલી.'

'એ ન ચાલે. આજે તારું ખાસ કામ છે. પિન્ટુને પેઈન્ટિંગમાં પ્રાઈઝ મળ્યું છે એટલે એણે એના બધા મિત્રોને આમંત્ર્યા છે. આજે બધા મહેમાનો આવશે, નાસ્તા–ઉજાણી થશે. ચારેક વાગ્યે આવી જજે. રાત્રે મોડું થશે એટલે જેને ત્યાં કામ કરે છે એને ના પાડતી આવજે કે આજે રાતના નહિ અવાય જા હવે. ચાર–સવા ચારે આવી જજે.' કહી એ પડખું ફેરવી ગઈ.

નંદુ ગઈ. પણ સાંજે એ આવી નહિ.

ચારના પાંચ થયા, પણ નંદુનો પત્તો ખાધો નહિ. એણે ફેક્ટરી પર ફોન કરી બે માણસોને બોલાવી લીધા. નંદુ વિના પિન્ટુની પાર્ટીની રોનક ન જામી. અને નંદુને શોધવી પણ ક્યાં ? એના ઘરનું સરનામું લેવાની જરૂર પણ ક્યાં કોઈને લાગી હતી ? ઘડિયાળના ટકોરે

નિયમિત ઘરમાં આવતી–જતી નંદુનું સરનામું લેવાની જરૂર પણ શી હતી ? બીજે–ત્રીજે–ચોથે કે પાંચમે દિવસે પણ નંદુ ન આવી એટલે રીટાબહેને બીજી કામવાળીની શોધ ચલાવી. પણ એમનો સ્વભાવ જાણ્યા પછી કોઈ કામવાળી તો શું, કામવાળો પણ આ ઘરમાં કામે આવવા તૈયાર નહોતોપ. ભલે ને પછી મોટો પગાર હોય ! દસમે દિવસે એક કામવાળી બાઈ છેવટે આવી તો ખરી, પણ વાસણ માંજ્યા વિના જતી રહી, 'તમારી આવી કચકચ મારાથી નો સહન થાય' કહીને. વસંતભાઈએ આ પહેલાં પણ ઘણી વખત રીટાને ટપારી હતી કે કામવાળાં પર બહુ દબાણ સારું નહિ. એ જમાના ગયા હવે. પણ રીટાબહેને પોતાના સ્વભાવ મુજબ તુરત જ સંભળાવી દીધું કે ઘરની બાબતમાં તમારે માથું મારવું નહિ. વસંતભાઈને ખરાબ લાગ્યું, પણ સ્વભાવ મુજબ એમણે નમતું મૂક્યું. જ્યારે જ્યારે રીટા, પોતાની મા જેવડી નંદુ પર આકરા હુકમો ચલાવતી ત્યારે વસંતભાઈ હંમેશા નંદુનો પક્ષ તાણી રીટાને નરમ શબ્દોમાં કહેતા, પણ રીટા ક્યાં કોઈનું સાંભળતી હતી ?

પણ એ રાતે રીટાબહેન વસંતભાઈ પાસે રડી જ પડ્યાં ને બોલ્યાં :

'ગમે તેમ કરો, પણ નંદુને જ્યાં હોય ત્યાંથી શોધી લાવો. આ ઘરનું કામ હવે મારાથી થતું નથી.'

'તો બીજી રાખી લે.'

'પણ કોઈ આવવા તૈયાર નથી થતું.'

'તારી મમ્મીને કહે, પપ્પાને વાત કર.'

'પપ્પાને કહ્યું તો પપ્પા છેડાઈ પડ્યા અને કહી દીધું કે નંદુ જેવી રતનને તું ન જાળવી શકી એમાં હું શું કરું ? ભલા થઈ, તમે નંદુને શોધી લાવો.'

'બીજા કોઈને વાત કરી જો.'

'કરી જોયું, બમણા પગારની વાત કરી પણ કોઈ આવવા જ તૈયાર નથી થતું, ત્યાં.'

ને વસંતભાઈએ ચોપડાવી :

'હવે તને ખબર પડી ને કે નાનામાં નાના માણસને પણ પોતાનું સ્વમાન વહાલું હોય છે ! મારી ફેક્ટરીનો હું માલિક છું, છતાંયે કામદારો સાથે મારે સમજણથી જ કામ લેવું પડે છે.'

'તમારી એ બધીયે વાત સાચી, પણ ભલા થઈને નંદુની ક્યાંકથી તપાસ કરો અને એને પાછી લઈ આવો.'

'સારું, પ્રયત્ન કરું છું.'

પણ વસંતભાઈને નંદુને શોધવા જવું ન પડ્યું.

બરાબર ચૌદમા દિવસે નંદુ બરાબર નવના ટકોરે હાજર થઈ ગઈ. જાણે કશું જ બન્યું ન હોય એમ એણે ઝાડુ હાથમાં લીધું. નંદુને જોઈ રીટાબહેનનો પિત્તો ફરીથી ઊછળ્યો. એણે ધમકાવીને પૂછ્યું.

'ક્યાં ગઈ હતી આટલા દિવસ ?'

પણ જવાબ આપે તો એ નંદુ શાની ? એ ઝાડુ મારતી રહી.

'પૂછું છું તને કે આટલા દિવસ ક્યાં મરી ગઈ હતી ?'

ફરી નંદુનું મૌન.

હવે રીટાબહેન ખરેખર ચિડાયાં.

'મોઢામાં મગ ભર્યા છે કે જવાબ નથી દેતી ? કહું છું, ક્યાં મરી'તી આટલા દિવસ ?'

રીટાબહેનનો ઘાંટો સાંભળી, ફેક્ટરીએ જવાની તૈયારી કરતા વસંતભાઈ બેડરૂમમાંથી બહાર આવ્યા. એમણે નંદુની સામે જોયું. નંદુ હાથમાં ઝાડુ પડતું મૂકી બાથરૂમ તરફ જતી રહી.

'ક્યાં ચાલી ?' કહી રીટાબહેન એની પાછળ જવા જતાં હતાં ત્યાં વસંતભાઈએ એને રોકી.

'એક મિનિટ, રીટા."

'હું કહું છું કે તમારે ઘરની બાબતમાં માથું ન મારવુંપ.' કહી એમણે બાથરૂમ તરફ જવા જેવા પગલાં ઉપાડ્યાં કે વસંતભાઈએ જોરથી બૂમ પાડી.

'શટ–અપ, રીટા.'

આટલાં વર્ષો પછી કદાચ પહેલી જ વખત વસંતભાઈના મુખે આવો આકરો શબ્દ નીકળ્યો હતો. પણ એ એવો અસરકારક હતો કે રીટાબહેનના પગ ધરતી જોડે જાણે જડાઈ ગયા. વસંતભાઈએ એને ધમકાવતાં કહ્યું : 'તારામાં અક્કલ છે કે નહિ ? તેં નંદુબેનના મોં સામે જોયું ? એમના કપાળમાં ચાંદલો નથી. હાથ બંગડીઓ વિના અડવા અડવા છે. તારા ભેજામાં કશું ઊતરે છે કે નહિ ? નંદુબેન બાથરૂમ તરફ ગયાં તે એમની આંખમાં આવેલાં ઝળઝળિયાં સાફ કરવા. એક સ્ત્રી થઈને તું આટલું સમજી શકતી નથીપ.?' નંદુ સાડલાથી મોઢું લૂછતી લૂછતી આવી અને હાથમાં ઝાડુ પકડવા વાંકી વળી કે વસંતભાઈએ એના બે ખભા પકડી પૂછ્યું :

'મને કહેવરાવ્યું પણ નહિ, બેન ? આ બધું ક્યારે બન્યું ?'

ડૂસકાં ખાતી ખાતી નંદુ બોલી :

'જે દિવસે પિન્ટુભાઈએ ઘેર પાર્ટી રાખી હતી તે દિવસે સાંજેપ.' નંદુની આંખમાંથી શ્રાવણ–ભાદરવો વરસતા ચાલ્યા. વસંતભાઈએ એને હીંચકા પર બેસાડી, એની બાજુમાં બેસી એના વાંસામાં હાથ ફેરવવા લાગ્યા. સામે ચૂપચાપ ઊભેલી પત્ની તરફ જોઈ ઊંચા અવાજે બોલ્યા :

'આમ ઊભી છે શું ? જા, નંદુબેન માટે પાણીનો ગ્લાસ લઈ આવ અનેપ. અનેપ એમને માટે ને મારે માટે ચા મૂકપ અને જતાં જતાં એટલું સાંભળી લેપ જ્યાં સુધી તારી અક્કલ ઠેકાણે નહિ આવે ત્યાં સુધી આ ઘરમાં હવેથી હું માથું મારતો રહીશ.' અને પછી બબડ્યા, 'નંદુબેનને થયેલા અન્યાય સામે, કદાચ હવે મારે માથું ઊંચકવું પડશે.' એ દિવસ પછી નંદુબેન વસંતભાઈને બંગલે જ રહ્યાં, તે આજ દિવસ સુધી. વસંતભાઈ એ બીજી કામવાળી બાઈ રાખી પણ નંદુબેન પાસે કામ ન ખેંચાવ્યું. માત્ર પિન્ટુની માવજત એ જ નંદુબેનનું આ ઘરમાં કામ.

પિન્ટુ તો હવે મોટો થઈ ગયો છે, ભણીને પપ્પાની ફેક્ટરીએ જતો થઈ ગયો છે, પણ ફેક્ટરીએ જતી વેળા જ્યાં સુધી નંદુબેન એને માટે છાશનો ગ્લાસ ન ધરે ત્યાં સુધી એ જાય નહિ, નંદુબેન એને પોતાના સાડલાથી ચશ્માં ન લૂછી દે, એના બૂટનાં મોજાં કે પૈસાનું પાકીટ ન આપે, ત્યાં સુધી એ ઘરની બહાર પગ ન મૂકે. ક્યારેક એના મમ્મી એને માટે છાશનો ગ્લાસ લાવે તો પિન્ટુ પૂછે : 'મોટી–બા નથી ?'

અને એ જ તો હતી વસંતભાઈની નંદુની બાબતમાં ઘરમાં માથું મારવાની વાત. ક્યારેક ક્યારેક ખાનદાની અને સંસ્કારની વાતો નીકળે છે ત્યારે વસંતભાઈ નંદુનું ઉદાહરણ અચૂક આપે અને બોલે:

‘જુઓ તો બાઈની ખાનદાની ! અઠવાડિયાથી પતિ માંદગીને ખાટલે હોવા છતાં બાઈએ ન રજા લીધી કે ન અમને એનો અણસાર આવવા દીધો અને જ્યારે સવારથી એની તબિયત બગડી અને એણે રજા માગી ત્યારે. એક બાજુ અમારા ‘ઊંચા લોક’ની ખાનદાની અને બીજી બાજુપ. જવા દો એ બધું. ખાનદાની અંતરમાંથી પ્રગટે છે, ઊંચા આવાસોમાંથી નહિ.’

## આ લેખ વાંચવાનું ચુકતા નહિ

## આંખો ભીની થઇ જશે હૃદય સ્પર્શી સત્ય ઘટના

સ્મિતા...લોકર ની ચાવી ક્યાં છે..કડક શબ્દ માં ભાવેશ બોલ્યો...

સ્મિતા બોલી ..કેમ આજે લોકર ની ચાવી ની તમને જરૂર પડી...

એ તારો વિષય નથી...ચાવી ક્યાં છે...?

કેમ આજે સવારે અચાનક અચાનક આવું ખરાબ વર્તન વ્યવહાર કરવા નું કારણ ?

એ તું સારી રીતે જાણે છે..સ્મિતા... હું ઘર ની નાની બાબત માં માથું મારતો નથી..પણ જે સૂચના મેં આપી હોય તેનું ઉલ્લંઘન હું ચલાવી લેતો નથી...તે તું જાણે છે...છતાં પણ તે...

પણ તેમાં શુ મોટું આભ તૂટી પડ્યું કે તમે તમારી પત્ની સાથે આવું વર્તન કરો છો...સ્મિતા બોલી સ્મિતા કોઈ વ્યક્તી વિશે નો ઇતિહાસ ખબર ન હોય તો અયોગ્ય પગલાં ન લેવા જોઈએ

તું શું જાણે છે...મારી માઁ વિશે ?

તને મારી માઁ ના સ્વર્ગસ્થ થયા પછી હું તેની પીતળ ની થાળી વાટકો, અને ચમચી ભોજન દરમ્યાન વાપરતો હતો એ ગમતું ન હતું..

તું ક્યાર ની મને આ થાળી વાટકો ચમચી ભંગાર માં આપવાની જીદ પકડતી હતી...

તારા સ્વભાવ અને નજર પ્રમાણે...મારી માઁ ની થાળી એઠી ગોબા વળી થાળી વાટકી કે ચમચી જ માત્ર હતા ..

આ બાબતે મેં તને ચેતવણી આપી હતી..તારે જે કરવું હોય તે કરજે પણ આ થાળી વાટકો કે ચમચી માટે કોઈ નિર્ણય લેતી નહિ..છતાં પણ તે એ થાળી વાટકો અને ચમચી...ભંગાર વાળા ને વેચી નાખ્યા?

તને મારી માઁ ની જૂની ગોબા વાળી થાળી પસંદ ન હોય તો તેના પહેરેલા જુના ઘરેણાં ઉપર પણ તારો અધિકાર નથી ચાવી આપ..એ ઘરેણાં હું કોઈ ગરીબ વ્યક્તિ ને આપી ..દઉ

સ્મિતા સામું જોઈ રહી...

અંદર થી મારો પુત્ર શ્યામ આવ્યો પપ્પા આટલા બધા કદી ગુસ્સે નથી થતા..કેમ આજે...?

મેં આંખ મા પણી સાથે કીધું..તારી દાદી..અને મારી માઁ ની એક યાદ, તારી માઁ એ ભંગાર માં વેચી નાખી...એ પણ મારી સ્પષ્ટ ના હોવા છતાં

પણ પપ્પા એ થાળી....

બેટા એ થાળી વાટકા ચમચી નો ઇતિહાસ તારે જાણવો છે....આજે તું અને મમ્મી મારી સાથે આવો....આજે મારે ઓફિસે નથી જવું....

હું શ્યામ અને સ્મિતા ને લઈ અમારા ગામડા તરફ કાર માં આગળ વધ્યો....

મેં ગામડા ના મંદિર પાસે...કાર ઉભી રાખી.....અંદર થી અમે નીચે ઉતર્યા...ત્યાં પૂજારી પંડ્યાદાદા દોડતા આવ્યા અરે ભીખા તું.....

મારી પત્ની અને મારો પુત્ર શ્યામ મારી સામે જોઈ રહ્યા..એક કોર્પોરેટ કંપની નો જનરલ મેનેજર જેનો

પગાર મહિને ૨ લાખ રૂપિયા... તેને પૂજારી આ રીતે બોલાવે એતો સ્મિતા કે શ્યામ ને ખબર જ ન હતી.

હું.પૂજારી ને પગે લાગ્યો....

પૂજારી બોલ્યો ..બહુ મોટો વ્યક્તિ થઈ ગયો બેટા...

મેં કીધું આ બધું..આ પ્રભુ અને મારી માઁ ની.કૃપા છે...

અમે દર્શન કરવા મંદિર માં ગયા...

દર્શન.કર્યા પછી...પૂજારી એ કીધું જમ્યા વગર જવાનું નથી...

પૂજારી પંડ્યા દાદા..એ પૂછ્યું....બા કેમ સાથે ન આવ્યા ?

મારી ભીની આંખ જોઈ પંડ્યા દાદા સમજી ગયા.....

એ બોલ્યા.. બેટા...તારી માઁ ની અંદર ગજબ નો આત્મવિશ્વાસ હતો ભણી ભલે ઓછું હતી..પણ તારો ઉછેર વગર બાપે કર્યો..એ છતાં બાપે કોઈ માઁ ન કરી શકે...એવો હતો.

પંડ્યાદાદા મારા પરિવાર સામે જોઈ બોલ્યા..આ ભીખલા નું સાચું નામ ભાવેશ છે..પણ ગામ.આખું તેને ભીખો કહી પ્રેમ થી બોલવતું..કારણ ખબર છે..?

શાંતાબાના ઘરે ત્રણ વખત ઘોડિયા બંધાયા..પણ કોઈ પણ કારણ થી આ બાળકો નું મૃત્યુ થતું...ચોથી વાર..આ ભાવેશ આવ્યો..ત્યારે...તેની.માઁ શાંતાબા એ તેના લાબું આયુષ્ય માટે ચંપલ આખી જીંદગી ન પહેરવાની....

અને એક વર્ષ પાંચ ઘરે ભીખ માંગી ને ખાવા ની બાધા લીધી હતી....

સવારે માંગી ને ખાય ઘણી વખત પેટ પૂરતું ન પણ મળે...

રાત્રે તો એક સમય ખાધા વગર ખેંચી લેતા.....એક વર્ષ રોજ કોઈ ના ઘરે ભીખ માંગવા ઉભવું સહેલું નથી..એ પણ ભીખાલા ના લાબું આયુષ્ય માટે...

ઉનાળો શિયાળો, ચોમાસુ..ખુલ્લા પગે....ભીખલા ના લાબું આયુષ્ય માટે ફરતી એ માઁ નું સ્વપ્ન મારી નજર સામે પૂરું થયું.

થયું એવું....ભીખલો તો બચી ગયો પણ એક વર્ષ નો તેને મૂકી ને તેનો બાપ ટૂંકી બીમારી માં સ્વર્ગસ્થ થયો...શાંતાબા ઉપર આભ તૂટી પડ્યું..છતાં પણ તે હિંમત હાર્યા..નહિ....

ગામ ના કામ કરે ત્યારે ભાવેશ ને અહીં મંદિર મા વાંચવા માટે મૂકી જાય... ગામ આખા ના કામ કરી અહીં આવે ત્યારે....શાંતાબા થાકેલા હોય પણ મન માં દ્રઢ વિશ્વાસ.. મારા ભાવેશ ને મોટો સાહેબ બનાવવો છે...

શાંતાબા ને હું મારી બેન જ માનતો....

મારી આંખો માંથી અવિરત આંસુ વહી રહ્યા હતા...

મારો પુત્ર પણ દાદી ની વાતો સાંભળી...રડી પડ્યો...મારી પત્ની સ્મિતા હાથ જોડી બોલી....ભાવેશ મને માફ કર.... માઁ ને સમજવા માટે દસ અવતાર ઓછા પડે....એ પણ રડી પડી....અને બોલી...ફક્ત સાંભળી ને આટલું દુ:ખ થાય એ જનેતા એ વેઠયું હશે ત્યારે કેવું દુ:ખ થયું હશે

ભાવેશે ચેક બુક કાઢી...

પંડ્યાદાદા એક કામ કરવાનું છે...

બોલ બેટા.... તું પાછો ક્યારે દેખાવાનો..

દાદા વર્ષો થી મારી એક ઈચ્છા હતી. એ અચાનક આજે પુરી કરવાનો અવસર મળ્યો છે

આ મંદિર ની છત્ર છાયા માં તમારી દેખરેખ નીચે હું ભણ્યો..હતો....આ બે ચેક એક એક લાખ ના છે..એક મંદિર નો બીજો તમારો.

અરે બેટા....અરે દાદા હવે અગત્ય નું કામ...

મારી માઁ જે પાંચ ઘરે માંગી ને મારા માટે ખાતી..એ પાંચ ઘર મને તમે બતાવો...મારી સાથે કાર માં બેસી જાવ...

પંડ્યાદાદા એ પાંચ ઘર બતાવ્યા..એ દરેક વડીલો ને પગે લાગી..એક એક લાખ ના ચેક દરેક વ્યક્તિ ને આપી તેમનો દિલ થી મેં આભાર માન્યો...

રસ્તા માં પંડ્યા દાદા કહે બેટા...વાસ્તવ માં લોકો બારમું તેરમું અસ્થિ વિસર્જન માઁ બાપ ના મોક્ષ માટે કરતા હોય છે...પણ તે તારી માઁ ને આજે ઋણ મુક્ત કરી છે..તેનો મોક્ષ નક્કી

ધન્ય છે બેટા તારા જેવા સંતાન દરેક ના ઘરે થજો...

મંદિરે પંડ્યા દાદા ને ઉતારી અમે પાછા ઘર તરફ રવાના થયા.

અમારા ઘર પાસે વાસણ ની દુકાન પાસે સ્મિતા એ કાર ઉભી રખાવી...તે અંદર ગઈ થોડા સમય પછી એ બહાર આવી ત્યારે..તેના હાથ માં મારી માઁ ના જુના થાળી વાટકી અને ચમચી હતા.

સ્મિતા એ મારા હાથ માં.મુક્તા બોલી...આ દુકાને મેં કાલે વેચ્યા હતા આજે ફરી ખરીદી લીધા.

જો આ થાળી નો સેટ વેચાઈ ગયો હોત તો હું મારી જાત ને આખી જીંદગી માફ ન કરત...ભાવેશ મને માફ કર...આ થાળી ની તાકાત સમજવા માટે હું નબળી અને નાની પડી

સ્મિતા હું માફ કરનાર કોણ...મેં તો ફક્ત લાગણી ના સંબધો કેટલા ઊંડા હોય છે..તે સમજાવવા તને પ્રયત્ન કર્યો.ચલ કાર માં બેસ...

બેસું પણ એક શરતે.. મારા પાપો નું પ્રયશ્ચિત રૂપે હવે થી હું આ થાળી માં રોજ જમીશ...મંજૂર...સ્મિતા બોલી

ભાવેશ...બોલ્યો સ્મિતા તને તારી ભૂલ સમજાઈ એ મારા માટે ઘણું છે.. તું જમે કે હું જમુ એ અગત્ય નું નથી...

આવી આદર્શ કોઈ પણ વ્યક્તિ હોય તેને જીવતા અને તેમના ગયા પછી પણ આદર આપવો એ આપણી ફરજ બને છે.

બાકી સ્મિતા પ્રેમનું બંધન એટલું પાક્કું હોવું જોઈએ, કે કોઈ તોડવા આવે તો એ પોતે જ તૂટી જાય ....

આ સત્ય ઘટના નો લેખ આપને ગમ્યો હોઈ અને તમારી આંખ અશ્રુભીની થઇ હોય તો આગળ શેર કરવા નું ભૂલશો નહીં.

–સ્મિતાબેન પટેલ રાજકોટ

### WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

### What's APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક - પ્રકાશક - મુદ્રક - પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810